પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૬૭, કુલ પાના:૪, તારીખ: ૦૬-૦૭-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 267 PRICE :-RS. 1.50 DATE : 06-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ૩ પૂર્વ સીએમ અને એક ડે.સીએમ સહિત યુપી- બિહાર-મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી બનશે મંત્રી

## મોદી કેબિનેટનું વિસ્તરણ ૭મીએ, સિંધિયા-અનુપ્રિયા ૧૭-૨૨ નવા મંત્રી ઉમેરાશે

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ જુલાઈએ મોદી કેબિનેટનું વિસ્તરણ કરી શકે છે. માહિતી મુજબ, મોદી ૨.૦નું પ્રથમ વિસ્તરણ બુધવારે સવારે ૧૧ વાગે થશે. કેબિનેટમાં હાલમાં ૨૮ મંત્રીપદ ખાલી છે અને જણાવવામાં આવી રહ્યું છે કે ૧૭-૨૨ સાંસદોને મંત્રી પદના શપથ અપાવવામાં આવી શકે છે. સૂત્રો મુજબ મોદીએ ૨ દિવસ સુધી ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપા સંગઠન મહામંત્રી બીએલ સંતોષ સાથે કેબિનેટ વિસ્તાર મુદ્દે બેઠક કરી છે.

મધ્યપ્રદેશઃ રાજયમાં ભાજપની સરકાર બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવનાર જ્યોતિરાદિત્ય સિંધિયા મોદી કેબિનેટના નવા યુવા ચહેરો બની શકે છે. આ ઉપરાંત જબલપુરના ભાજપ સાંસદ રાકેશ સિંહનું નામ પણ છે. મશયપરદેશથી ૧-૨ નામોની ચર્ચા કેબિનેટ વિસ્તાર માટે કરાઈ છે.

બિહારઃ લોજપાના સાંસદ પશુપતિ કુમાર પારસ અને JDUના આરસીપી સિંહને મંત્રી બનાવવામાં આવી શકે છે. બિહારથી ૨-૩ નામોની ચર્ચા છે. ઉત્તરપ્રદેશઃ અપના દળના અનુપ્રિયા પટેલઉ નામ સૌથી આગળ છે. અનુપ્રિયા ગયા મહીને દિલ્હી જઈને ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા. તે ઉપરાંત વરુણ ગાંધી, રમશંકર કઠેરિયા, અનિલ જૈન, રીટા બહુગુણા, ઝફર ઈસ્લામના નામની પણ ચર્ચા છે.

મહારાષ્ટ્રઃ મહારાષ્ટ્રથી ભાજપના સાંસદ હિના ગાવિતને કેન્દ્રમાં મંત્રી બનાવવામાં આવી શકે છે. તેમની ઉપરાંત ભુપેન્દ્ર યાદવ, પુનમ મહાજન અને પ્રીતમ મુંડેના નામની પણ ચર્ચા છે.

ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી તીરથ સિંહ રાવત, આસામના પૂર્વ મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેને પણ કેન્દ્રમાં મંત્રી બનાવવામાં આવી શકે છે. તીરથ સિંહ રાવતે ૨ દિવસ પહેલા જ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. આ ઉપરાંત બિહારના પૂર્વ ડેપ્યુટી CM સુશિલ મોદીને પણ મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. આ ઉપરાંત લદાખથી ભાજપ સાંસદ જામયાંગ નામગ્યાલ, ઉત્તરાખંડથી અજય ભટ્ટ અથવા અનિલ બાલુની, કર્ણાટકથી પ્રતાપ સિંહા, પશ્ચિમ બંગાળથી જગન્નાથ સરકાર, શાંતનુ ઠાકર અથવા નિસિથ પ્રમાણિક, હરિયાણાથી બ્રિજેન્દ્ર સિંહ, રાજસ્થાનથી રાહુલ કસવાન, ઓરિસ્સાથી અશ્વિની વૈષ્ણવ, દિલ્હીથી પરવેશ વર્મા અથવા મીનાક્ષી લેખીનું નામ પણ શપથ લેનારાઓમાં સામેલ થઈ શકે છે.

હાલમાં મધ્યપ્રદેશથી મોદી કેબિનેટમાં ૪ મંત્રી છે. નરેન્દ્ર સિંહ તોમર, પ્રહલાદ પટેલ, થાવરચંદ ગહેલોત અને ફગ્ગનસિંહ કુલસ્તે. કુલસ્તે અથવા થાવરચંદમાં થી કોઈ એકને મંત્રીમંડળમાંથી દૂર કરવામાં આવી શકે છે. વધુ ચર્ચા ૭૩ વર્ષીય થાવરચંદના નામની છે. જે ૨૦૧૪થી મોદી વડાપ્રધાન બન્યા બાદ થી સતત તેમની કેબિનેટમાં સામેલ રહ્યા છે. પશ્ચિમ બંગાળ-મોદી કેબિનેટમાં બંગાળથી બે નેતાઓને જગ્યા મળી શકે છે. જેમાં ભીજપના સાંસદ શાંતનુ ઠાકુર અને નિસિથ પ્રમાણિકના નામ આગળ છે. આ ઉપરાંત ઓડિશાથી પણ એક મંત્રી કેબિનેટમાં સામેલ થઈ શકે છે.

**૯ મંત્રીઓ છોડી શકે છે વધારાનો કાર્યભાર સંભાળતા મંત્રાલય**

- પ્રકાશ જાવડેકર
- પીયુષ ગોયલ
- ધર્મેન્દ્ર પ્રધાન
- નિતિન ગડકરી
- હર્ષવર્ધન
- નરેન્દ્ર સિંહ તોમર
- રવિશંકર પ્રસાદ
- સ્મૃતિ ઈરાની
- હરદીપ સિંહ પુરી

## હવામાન અંગે કોઈ પણ આગાહી ૧૦૦% સાચી નથી પડતીઃ IMD

ન્યુ દિલ્હી,

૨૪ કલાકની આગાહી ૮૦ ટકા અને પાંચ દિવસની આગાહી ૬૦ ટકા સાચી પડતી હોવાનો દાવોઃ આગાહી ટૂંકા સમયની હોય ત્યારે સાચી પડવાની સંભાવના વધી જતી હોય છે ખાસ કરીને ચોમાસામાં હવામાન ખાતા દ્વારા કરવામાં આવતી આગાહી કેટલી સાચી પડે છે તે અંગે વારંવાર પ્રશ્નો ઉઠતા હોય છે. યારે વરસાદ, ગરમી, ઠંડી કે વાવાઝોડા જેવા કુદરતી ઉતાર—ચઢાવ અંગે અનુમાન કરવામાં આવે તે પછી જો તે પ્રમાણેનું હવામાન ના બને તો ટિકા અને નિંદાઓ થતી હોય છે. ચોમાસુ હજુ પણ શહેરો અને તેના આસપાસના વિસ્તારોથી દૂર હોવાના કારણે પૂર્વાનુમાનને લઈને ભારતીય હવામાન વિભાગ નિદાઓથી ઘેરાઈ રહ્યું છે.

IMDમાં હવામાન વિજ્ઞાનના ડિરેકટર મૃત્યુંજય મહાપાત્રા કહે છે કે દુનિયામાં કોઈ પણ આગાહી મોડલમાં સર્વશ્રે ટેકનોલોજી સાથે પણ હજુ ૧૦૦% ચોકસાઈ જોવા મળતી નથી. મહાપાત્રાએ જણાવ્યું કે, અણધાયુ ચોમાસું હોય ત્યારે તેના વિશે શ્રે ટેકનોલોજી સાથે પણ માત્ર ૫૫—૬૦% ચોકસાઈવાળી જ આગાહી કરી શકાતી હોય છે.

મહાપાત્રાએ જણાવ્યું કે, અમાં લય એવી ટેકનોલોજીનું છે કે જેના દ્વારા હવામાનનું પૂર્વાનુમાન ચોકસાઈવાળું હોય. જોકે, હજુ તે દિવસ દૂર છે, ત્યાં સુધી વ્યકિતના અનુભવ અને ડેટાની સમજણ જરી છે.

મહાપાત્રાએ જણાવ્યું કે, ચોમાસું ધીમું હોવાની અને જુલાઈના બીજા અઠવાડિયા સુધી મધ્ય સુધી આવવાના સંબંધમાં ૧ જુલાઈએ કરાયેલા પૂર્વાનુમાન હજુ ટ્રેક પર છે. જોકે, કેટલાક મામલામાં લાંબા સમયના પૂર્વાનુમાન ચોક્કસ ના હોઈ શકે. આ પ્રકારની ભવિષ્યવાણી કરવી મુશ્કેલ છે, કે ૧૫ દિવસથી વધુના સમયમાં ચોમાસુ કઈ રીતે આગળ વધશે.

હવામાન વિભાગ મુજબ ૨૪ કલાક માટેની હવામાનની અપડેટ ૮૦%, તેનાથી વધુ ૫ દિવસ માટેની આગાહી ૬૦% સાચી પડતી હોય છે. હવામાન વિભાગ મુજબ, આ પ્રકારનું અનુમાન માનવ હસ્તક્ષેપ પર આધારિત હોય છે, કારણે ઘણી વખત માત્ર ડેટા ઉપર આધારિત રહેવાથી અર્થઘટના અવળું થઈ શક છે.

દરરોજ સવારે હવામાન વિભાગ દ્વારા વિડીયો મીટિંગનું આયોજન કરવામાં આવે છે જેમાં દેશભરના વૈજ્ઞાનિક પોતાનો અનુભવ શેર કરે છે, આ સાથે થોડા દિવસ માટે રહેનારી પેટર્ન વિશે વાત કરે છે. હવામાન અંગેની આગાહી મશીન, સેટેલાઈટ તસવીરો અને રડાર ટેકનોલોજી પર આધારિત હોય છે. હવામાન વિભાગના અધિકારી આ અંગે જણાવે છે કે, હવામાન અંગેની આગાહીમાં ૭૦% ટેકનોલોજી અને ૩૦% માનવ હસ્તક્ષેપ જવાબદાર હોય છે.

અધિકારી જણાવે છે કે, મશીનરી, મોડલ અને માનવ સ્કીલ તથા અનુભવનો આગાહીમાં સંયોજન હોય છે. ૨૪ કલાકના હવામાનમાં કયારેય અચાનક આવતા ફેરફારો નોંધવા અશકય હોય છે, કલાકોના અનુમાનમાં શકય હોય છે. જેના કારણે અમારી નાઉકાસ્ટ સુવિધા, જે દર ત્રણ કલાક માટે આગાહી કરે છે જે વધારે ચોકસાઈવાળી હોય છે.

એટલે કે સેટેલાઈટ તસવીરોના આધારે કરવામાં આવેલું ૩—૪ કલાકનું અનુમાન ૨૪ કલાક માટે ખોટું પણ પડી શકે છે, વૈજ્ઞાનિકો ટેકનોલોજીનો કઈ રીતે વધુ ઉપયોગ થઈ શકે તે અંગે પણ વિવિધ સંશોધન કરી રહ્યા છે.

## ૧૨ રાજ્યે સ્પુતનિક-વીના ૪૪,૦૦૦ ડોઝ આપી દીધા, ત્યારે ગુજરાતમાં ફક્ત ૧૨૦૦ જ



અમદાવાદ,

કોવિશીલ્ડ અને કોવેક્સિન બાદ રાજ્યમાં રશિયાની કોરોના વેક્સિન સ્પુતનિક-વી મળવાની શરૂ થઈ ચૂકી છે. રાજ્યમાં સુરતની કિરણ હોસ્પિટલ તથા અમદાવાદની ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલને સ્પુતનિક-વી વેક્સિનના ૧૨૦૦ ડોઝ મળ્યા છે. છેલ્લા ૩ દિવસમાં સમગ્ર રાજ્યમાં ૩૩૬ લોકોને સ્પુતનિક-વી વેક્સિન અપાઈ છે, જેમાં અમદાવાદમાં ૧૭૫ અને સુરતમાં ૧૬૧ લોકોએ રસી લીધી. અમદાવાદમાં ૪૨૫ અને સુરતમાં ૪૩૯ ડોઝ સ્ટોક ઉપલબ્ધ છે.

હાલમાં સ્પુતનિક-વી રસી ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા લોકોને અપાઈ રહી છે. હજુ સુધી જનરલ પબ્લિક માટે એની શરૂઆત થઈ નથી. ડૉ. રેડ્ડી લેબોરેટરી હૈદરાબાદ તરફથી રસીનો સ્ટોક મળશે તેમ તેમ જનરલ પબ્લિકને પણ રશિયન રસી મળશે.

રશિયન વેક્સિન સ્પુતનિક-વીનો વપરાશ કરવામાં ગુજરાત ઘણું પાછળ છે. ગત અઠવાડિયાના રિપોર્ટ મુજબ, સ્પુતનિક-વીના ૮૫,૪૮૫ ડોઝ ૧૨ રાજ્યે મેળવ્યા હતા, જેમાં ગુજરાતે એકપણ ડોઝ મેળવ્યો ન હતો. આ વેક્સિનના જે ડોઝ રાજ્યોને ફાળવાયા છે એમાંથી ૪૪,૧૦૫ ડોઝ લોકોને આપી પણ દેવાયા છે. સ્પુતનિક-વીના સૌથી વધુ ૪૪,૫૬૫ ડોઝ તેલંગણાએ મેળવ્યા હતા, જ્યારે આંધ્રપ્રદેશને ૧૫,૮૦૦, કર્ણાટકે ૬૦૦૦, પશ્ચિમ બંગાળે ૪૮૦૦, હિમાચલ પ્રદેશે ૪૫૦૦, મહારાષ્ટ્રે ૩૦૦૦ અને તામિલનાડુએ ૩૩૦૦ ડોઝ મેળવ્યા હતા, જ્યારે ગુજરાતમાં ૧લી જુલાઈના રોજ સ્પુતનિક-વીના કુલ ૧૨૦૦ ડોઝ આવ્યા છે.

સ્પુતનિક-વી ખાનગી હોસ્પિટલને પ્રત્યેક ડોઝ રૂ. ૯૪૮માં મળશે, જેની ઉપર ૫ ટકા જીએસટી લેખે રૂ. ૪૭ ટેક્સ લાગશે. ખાનગી હોસ્પિટલ ડોઝદીઠ મહત્તમ રૂ. ૧૫૦ ચાર્જ લઈ શકશે, એટલે સ્પુતનિક-વીનો એક ડોઝ રૂ. ૧૧૪૫માં મળશે.

મહત્ત્વનું છે કે કોવીશિલ્ડ અને કોવેક્સિનનો બીજો ડોઝ આ વેક્સિનોની અછત હોઈ ૮૪ દિવસ પછી લોકોને મળી રહ્યો છે, ત્યારે સ્પુતનિક-વીનો બીજો ડોઝ માત્ર ૨૧થી ૨૮ દિવસમાં લઈ શકાશે. આમ, બંને ડોઝનો કોર્સ ૨૧થી ૨૮ દિવસ વચ્ચે પૂરો થઈ જતો હોઈ વેક્સિન ખરીદી શકે તે વર્ગમાં અને યુવા વર્ગમાં આ રશિયન વેક્સિનનું ખાસ્સું આકર્ષણ છે, તેથી રાજ્ય સરકારે આ વેક્સિન મોટે પાયે રાજ્યમાં આવે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ, એવો સૂર સામાન્ય જનતામાં વ્યક્ત થઈ રહ્યો છે.

## ઈ-ગેઝેટનો પ્રારંભ, હવે નકલો મેળવવામાં પડતી સમસ્યા દૂર થશે

ગાંધીનગર,

રાજ્ય સરકારના તમામ સાધારણ અને અસાધારણ ગેઝેટ હવે ડિઝીટલ- ઈ ગેઝેટ સ્વરૂપે વેબસાઈટ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ માટેની વેબસાઈટનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યુ છે.

વર્ષોથી ચાલી આવેલી ગેઝેટના મુદ્રણ-પ્રિન્ટીંગની પરંપરાગત પ્રક્રિયાનો હવે અંત આવશે. આના પરિણામે અંદાજે સરેરાશ વાર્ષિક ૩૫ મેટ્રિક ટન પેપરની બચત થશે.

કોઈપણ વ્યક્તિ, સંસ્થા વેબસાઈટના માધ્યમથી ગેઝેટને વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે. ઈ-ગેઝેટની આવી ડાઉન લોડેડ કોપીની અધિકૃતતા માટે કોડની પ્રથા અમલમાં મૂકવામાં આવી છે.

ગેઝેટની વેબસાઈટ ઉપર તાત્કાલિક ઉપલબ્ધતાથી વહીવટમાં અસરકારકતા વધશે. ગેઝેટના મેન્યુઅલ રેકર્ડ નિભાવવામાંથી હવે મુક્તિ મળશે.

હાલ રાજ્યમાં ૩૦ વર્ષના જૂના ગેઝેટ ઉપલબ્ધ છે તે ત્વરાએ વેબસાઈટ ઉપર એક માસમાં ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રીએ વિભાગ ને સૂચન કર્યુ હતું. તદનુસાર જૂના ગેઝેટ (Gazette) ને પણ ક્રમશઃ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી તે પણ વેબસાઈટ પર સરળતાએ મળી રહેશે.

નાગરિકો, અરજદારો,સરકારી કચેરીઓને અગાઉ પ્રસિદ્ધ થઈ ગયેલા જૂના ગેઝેટની નકલો મેળવવામાં પડતી સમસ્યાનું નિવારણ થશે. રાજ્ય સરકારના તમામ વિભાગોના ગેઝેટ (Gazette) માટે ફકત એક જ – સેન્ટ્રલાઈઝડ વેબસાઈટ તરીકે તમામ માહિતી પૂરી પાડી શકાશે.

આ વેબ સાઈટ લોન્ચિંગ અવસરે મંત્રી જયેશ ભાઈ રાદડીયા, કુટીર ઉદ્યોગ સચિવ સંદીપ કુમાર, જી.આઈ.એલ ના મેનેજિંગ ડિરેક્ટર ગુસિઆ,સરકારી પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી નિયામક રાઠોડ તેમજ વિભાગના નાયબ સચિવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## તહેવારો ટાણે મોંઘવારીનો માર, સિંગતેલ-કપાસિયા તેલના ભાવ સરખા



અમદાવાદ,

વરસાદ ખેંચાતા અને સાતમ આઠમના તહેવારો નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં સળવળાટ જોવા મળી રહ્યો છે. રવિવારે સિંગતેલમાં ડબ્બે ૩૦ અને કપાસિયા તેલમાં ડબ્બે ૪૦ના વધારા થયા છે, જેની સાથે પામતેલમાં પણ ધીમો સુધારો રાજકોટ બજારમાં જોવા મળ્યો હતો. સિંગતેલ અને કપાસિયા તેલમાં ભાવ વધતાં દૂધ પછી તેલના ભાવ વધારાનો ડામ સહન પણ જનતાએ સહન કરવો પડશે.

રાજકોટમાં સિંગતેલનો ડબ્બે ૨૪૩૦ અને કપાસિયા તેલનો નવો ડબ્બો ૨૩૦૦ની આસપાસ જોવા મળ્યો છે. તેલના વધતા જતા ભાવ અંગે વેપારી વર્તુળોએ જણાવ્યું હતું કે, કપાસિયા અને સિંગતેલના ભાવ પામતેલમાં આયાત ટેરિફના ભાવમાં ૫ ટકાનો ઘટાડો કરાયો હતો અને તેના કારણે બજારમાં ગભરાટ હોવાના કારણે બન્ને તેલના ભાવ ઘટી રહ્યા હતા.

છેલ્લાં ચાર માસમાં સિંગતેલના ભાવમાં ૩૫૦ અને કપાસિયા તેલમાં ૨૫૦ ડબ્બે ઘટી ગયા હતા. સામે ઘરાકી પણ ઓછી હતી. હવે ટેરિફ દર વધુ ઘટે તેવી સંભાવના નથી સામે તહેવારોની પણ ડિમાન્ડ જોવા મળી રહી છે.

ખાસ કરીને સાતમ આઠમના તહેવારોમાં સૌરાષ્ટ્રમાં ખાદ્યતેલની ડિમાન્ડ વધી જતી હોય છે જેની પણ બજારના સેન્ટીમેન્ટ ઉપર અસરો પડતી હોય છે. હાલ મગફળીના ભાવ પણ વધી રહ્યા છે તેની પણ સિંગતેલના ભાવ ઉપર અસર પડતી હોય છે.

## દુનિયામાં કોરોનાના નવા ‘રહસ્યમય વેરિઅન્ટ લેમડા’ના કેસોમાં ચિંતાજનક વધારો

ન્યુ દિલ્હી,

લેટિન અમેરિકન દેશ પેરૂથી કોરોના વાયરસનો વધુ એક ઘાતક વેરિઅન્ટ લેમડા ખૂબ જ ઝડપથી દુનિયામાં ફેલાવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૨૭ દેશોમાં આ વેરિઅન્ટના મામલામાં સામે આવી ચૂકયા છે. આ કોરોના વેરિઅન્ટમાં ‘અસામાન્ય રીતનું’ મ્યુટેશન છે તેનાથી વિશ્વ સ્વાસ્થય સંગઠનનું ધ્યાન તે તરફ ગયું છે અને દનિયાભરના વૈજ્ઞાનિકોનું ટેન્શન વધી ગયું છે. આ બધાની વચ્ચે અમેરિકાએ કહ્યું કે દેશમાં કોરોનાથી થઈ રહેલા મોતોમાં ૯૯ ટકા એવા લોકો છે જેમણે રસી લીધી નથી.

બ્રિટનના અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે કોરોના લેમ્ડા વેરિઅન્ટમાં અસામાન્ય મ્યુટેશન જોવા મળ્યા છે. આ વેરિએન્ટને શરૂઆતમાં C.37 નામ આપ્યું હતું. બ્રિટનમાં પણ આ વેરિઅન્ટના ૬ કેસ સામે આવી ચૂકયા છે. પેરૂના મોલેક્યુલર બાયોલોજી ડૉકટર પાબલો ત્સૂકયામાએ કહ્યું કે ડિસેમ્બર મહિનામાં જ્યારે આ વેરિઅન્ટ પર સૌથી પહેલાં ડૉકટર્સનું ધ્યાન ગયું હતું એ સમયે આ ૨૦૦માંથી માત્ર એક નમૂનો રહેતો હતો.

પાબલોએ કહ્યું કે જો કે માર્ચ મહિના સુધી લીમામાં આવનાર કુલ નમૂનાઓમાંથી ૫૦ ટકા સુધી પહોંચી ગયા અને જૂનમાં આ કુલ નમૂનાઓના ૮૦ ટકા થઈ ગયા છે. તેના પરથી ખબર પડી કે કોરોના વાયરસના અન્ય વેરિઅન્ટની તુલનામાં તેનાથી સંક્રમણ દર ઘણો વધુ છે. અખબારે WHOના હવાલે કહ્યું કે પેરૂમાં મે અને જૂન મહિનામાં ૮૨% લોકો કોરોનાના નવા કેસ લેમડા વેરિઅન્ટના છે. એટલું જ નહીં આ વેરિઅન્ટમાં મોતનો દર સૌથી વધુ છે.

પેરૂમાં લેમડા વેરિઅન્ટના કહેરથી પાડોશી ચિલી પણ બચ્યું નથી. ત્યાં પણ એક તૃત્યાંશ કેસ આ વેરિઅન્ટના છે. જો કે હજુ ઘણા નિષ્ણાતો એ વાતથી સહમત નથી કે આ વેરિઅન્ટ અન્યની તુલનામાં વધુ આક્રમક છે. તેમણે કહ્યું કે આ વેરિઅન્ટના ઝડપી પ્રસાર પર રિસર્ચ થવું જોઈએ. ભારતમાં પણ અત્યારે લેમડા વર્ઝનના ફેલાવાના કોઈ પુરાવા નથી. ભારતમાં અત્યારે ડેલ્ટા વેરિઅન્ટ સૌથી વધુ પ્રભાવિત કોરોના વેરિઅન્ટ છે.

આ બધાની વચ્ચે દુનિયામાં હજુ પણ કોરોના રસી મૂકાવવાથી કેટલાંય લોકો બચી રહ્યા છે. અમેરિકાના ટોચના સંક્રમક રોગ નિષ્ણાત ડૉકટર એન્થની ફાઉચીએ જાહેરાત કરી કે દેશમાં કોરોનાથી મોતને ભેટનાર ૯૯.૨ ટકા લોકો એવા છે જેમણે રસી લીધી નથી. તેમણે કહ્યું કે એ ખૂબ જ દુઃખદ છે કે તેમાંથી મોટાભાગના લોકોના જીવ બચી શકતા હતા. તેમણે કહ્યું કે કેટલાંય એવા અમેરિકન છે કે રસી લગાવાના વૈચારિક સ્તરનો વિરોધ કરી રહ્યા છે.

## હવે સરકારી વીમા કંપનીઓના ખાનગીકરણની તૈયારીમાં મોદી સરકાર

ન્યુ દિલ્હી,

સરકારી બેંકો સહીત અનેક જાહેર ક્ષેત્રની કંપનીઓના ખાનગીકરણની દિશામાં આગળ વધ્યા બાદ હવે કેન્દ્રની મોદી સરકાર સાધારણ વીમા કંપનીઓમાં ખાનગીકરણની યોજના પણ બનાવી રહી છે જે અંગે કાયદામાં ફેરફારો પર સરકાર કામ કરી કરી રહી છે. આ બારામાં એક ખરડો સંસદના ચોમાસુ સત્રમાં રજુ કરાશે.

કેન્દ્રની મોદી સરકારે સામાન્ય વીમા કંપનીઓના ખાનગીકરણ માટે સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) કાયદામાં સુધારા કરી રહી છે અને સંસદના મોનસૂન સત્રમાં તેને રજૂ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર જાહેર ક્ષેત્રની સૌથી મોટી કંપની એલઆઈસીની તેની હિસ્સેદારી પણ વેચી શકે છે. ૧૯ જુલાઈથી શરૂ થનાર સંસદના ચોમાસુ સત્રમાં સુધારા અર્થે સરકાર સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) કાયદો રજૂ કરી શકે છે.

સરકાર સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) કાયદો ૧૯૭૨ માં બન્યો હતો. આ કાયદા હેઠળ સામાન્ય વીમા કંપનીઓ તથા હાલની વીમા કંપનીઓના શેર્સનું અધિગ્રહણ-સ્થાનાંતરણ થઈ શકે છે.

નાણામંત્રી નિર્મલા સીતારામણે ૨૦૨૧-૨૨ ના સામાન્ય બજેટમાં જાહેર ક્ષેત્રની બે બેક્નો તથા એક વીમા કંપનીના ખાનગીકરણની જાહેરાત કરી હતી. ૨૦૨૧-૨૨ ના નાણાકીય વર્ષમાં જાહેર ક્ષેત્રની બેક્નો અને વીમા કંપનીઓના ખાનગીકરણ દ્વારા ૧.૭૫ લાખ કરોડ રૂપિયા ભેગા કરવાનુ લક્ષ્ય નક્કી કર્યુ છે.

## IT એકટની કલમ ૬૬એના ઉપયોગથી સુપ્રીમ નાખુશ, કહ્યુંઃ આ ભયાનક છે

ન્યુ દિલ્હી,

આઈટી એકટની કલમ છ ૬૬ ના વારંવાર ઉપયોગ કરવા બદલ સુપ્રીમ કોર્ટે આંચકો અને નારાજગી વ્યકત કરી છે. સુપ્રીમ કોર્ટે ૨૧૦૫માં એક ઐતિહાસિક ચુકાદામાં આ સેકશનને રદ કરી નાંખી હતી. આઈટી એકટની કલમ છ ૬૬ હેઠળ પોલીસ ઓનલાઈન વાંધાજનક સામગ્રી પોસ્ટ કરનારા લોકોની ધરપકડ કરી શકતી હતી. ન્યાયાધીશ રોહિંટન નરીમન, કેએમ જોસેફ અને બીઆર ગવઈની બેંચે કહ્યું કે કલમ રદ થવા છતા તેનો ઉપયોગ ચાલી રહ્યો છે તે ચોંકાવનારી વાત છે અમે નોટીસ ઈશ્યૂ કરીશું.

પીપલ યૂનિયન ફોર સિવિલ લિબર્ટીઝ નામના એનજીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને માંગ કરી હતી કે કેન્દ્રને સુચના આપવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે કેન્દ્રએ બધા પોલીસ સ્ટેશનોને જણાવવું જોઈએ કે સેકશન ૬૬ એ હેઠળ ફરિયાદ કરવાની નથી. જયારે સુપ્રીમ કોર્ટને કહેવામાં આવ્યું કે આઈટી સેકશન હેઠળ ૧૦૦૦ થી વધારે કેસ નોંધાઈ ચૂકયા છે. તો જસ્ટિસ નરીમને કહ્યું કે ગજબ કહેવાય, જે ચાલી રહ્યું છે તે એકદમ ભયાનક છે. સુપ્રીમ કોર્ટે ૨૪ માર્ચે ૨૦૧૫ના દિવસે એવું કહીને આ કલમ રદ કરી હતી કે આઈટી એકટની કલમ છ ૬૬ એ અસ્પષ્ટ, અસંવેધાનિક અને બોલવાની આઝાદીનું ઉલ્લંઘન કરનારી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી કરનારના વકીલ સંજય પારિખે કોર્ટને કહ્યું કે સેકશન ૬૬ છ રદ થતા પહેલાં ૧૧ રાજયોમાં ૨૨૯ કેસો હતા. જયારે એ પછી તો આંકડો ૧૩૦૭ થઈ ગયો છે અને ૫૭૦ હજુ પેન્ડિંગ છે. પારિખે કહ્યું કે લોકો પરેશાન થઈ રહ્યા છે. કેન્દ્ર બધી હૈંઈ અને સક્રીય તપાસના ડેટા ભેગા કરે અને એ કેસ પણ જોવામાં આ જે પેન્ડિંગ છે. કોર્ટે કેન્દ્રને જવાબ આપવા માટે બે સપ્તાહનો સમય આપ્યો છે. આઈટી એકટને ૨૦૦૦માં પસાર થયો હતો તે વખતે વિવાદાસ્પદ ધારા ૬૬ છને સામેલ કરવામાં આવી નહોતી.. ૨૦૦૮માં આ એકટમાં સશોધન કરીને કલમ ૬૬છને ઉમેરવામાં આવી જે ફેબ્રુઆરી ૨૦૦૯થી લાગૂ કરવામાં આવી હતી. આ કલમ ઈલેક્ટ્રોનિકસ ડિવાઈઝ પર વાંધાજનક કન્ટેન્ટ પોષ્ટ કરવાના સંબંધમાં છે. આ કેલમ હેઠળ દોષી સાબિત થનારને ૩ વર્ષની જેલ અને ૫ લાખ રૂપિયાનો દંડ અથવા બનેંની જોગવાઈ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એલ. બી. પરમાર

મુ. નવાગામ બાંધેલી, તા. હાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એચ. એ. સોલંકી

મુ. વરસડા, તા. હાલોલ

### મહીસાગર જિલ્લામાં કોરોના રસીકરણ મહાઅભિયાન

# મહીસાગર જિલ્લામાં ૪.૮૮ લાખ ઉપરાંતના નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષા પ્રદાન કરાઇ

લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોવીડ–૧૯ ના સંક્રમણ સામે આરોગ્ય સુરક્ષા કવચ આપતું કોરોના રસીકરણ મહાઅભિયાન મહીસાગર જિલ્લામાં પૂરજોશમાં ચાલી રહ્યું છે. જિલ્લા આરોગ્ય તંત્રે જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ રસીકરણ અભિયાનને વેગવાન બનાવવા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૮ થી ૪૪ વર્ષ વયના નાગરિકોને કોરોના રસી આપવાની કામગીરી હાલ કાર્યરત છે. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા હાથ ધરાયેલ રસીકરણ ઝુંબેશ હેઠળ મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૪,૮૮,૧૧૧ નાગરિકોએ કોરોના રસીકરણ કરાવી કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

ત્યારે ૪થી જુલાઈ–૨૦૨૧ સુધીમાં લુણાવાડા તાલુકામાં ૧,૩૩,૯૨૯, બાલાસિનોર તાલુકામાં ૬૧,૧૩૯,સંતરામપુર તાલુકામાં ૧,૪૦,૦૮૦, ખાનપુર તાલુકામાં ૪૧,૧૪૨, કડાણા તાલુકામાં ૬૭,૭૩૧ અને વિરપુર તાલુકામાં ૪૪,૦૯૦ મળી જિલ્લા ના કુલ ૪,૮૮,૧૧૧ જેટલા ૧૮ થી ૪૪ વર્ષ વયના તેમજ ૪૫ થી ૫૯ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના શહેરી અને ગ્રામ્ય વિસ્તા૧રોના નાગરિકો દ્વારા કોરોના વેક્સીનેશન કરાવ્યું છે. જેમા ૧૮ થી ૪૪ વર્ષ વયના ૧,૦૫,૬૮૧ નાગરિકોને કોરોના વિરોધી વેક્સીન આપી સુરક્ષિત કરાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૫ થી ૫૯ વર્ષના અને ૬૦ થી વધુ ઉંમરના ૨,૪૯,૬૧૫ તેમજ ૧૮ થી ૪૪ વર્ષ વયના ૧,૦૫,૬૮૧ જેટલા નાગરિકોને કોરોના રસી મૂકવામાં આવી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૩,૭૦,૫૫૨ નાગરિકોને કોરોના રસીનો પ્રથમ તેમજ ૧,૧૭,૫૫૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

જિલ્લા કલેકટર ડૉ.મનીષકુમારએ જણાવ્યું કે સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં–ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર ખાતે આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સ્તરે શરૂ થયેલા વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાન અંતર્ગત આજે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય પ્રો. ડો કુબેરભાઈ ડીંડોર એ પોતાના પરિવાર સાથે કોરોનાની બીજી રસી મુકાવી. કોરોના સંક્રમણથી સલામત રહેવા દેશના સૌથી મોટા રસીકરણ મહાઅભિયાનમાં જોડાવા અપીલ કરી. રસી સંપૂર્ણ સુરક્ષિત છે, અવશ્ય રસી લઈએ.

### ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા

# “મારૂ ગામનું બાળક, કોરોનામુક્ત બાળક”ના ઉદ્દેશ સાથે જિલ્લા પંચાયત ખાતે વર્કશોપ યોજાયો

દાહોદ,

કોરોના સંક્રમણ બાળકોમાં અટકાવવા અને સંભવિત ત્રીજી લહેરમાં બાળકો કોવિડના શિકાર ના થાય તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પદાધિકારીઓ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે મારા ગામનું બાળક, કોરોનામુક્ત બાળક ઉદ્દેશ સાથે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરપર્સન જાગૃતિબેન પંડ્યાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે દરેક બાળક સુધી પહોંચીને આપણે બાળકોને કોરોના સંક્રમણથી બચાવવાનું છે. બાળકની યોગ્ય કાળજી લઈ પૂરતું આહાર આપી અને વખતો વખતના સરકારના માર્ગદર્શન મુજબ જે સૂચનો અને માર્ગદર્શિકા હોય તેનું પાલન કરી બાળકોને સંરક્ષણ પુરૂં પાડવું ખૂબ જ જરૂરી છે.

જીલ્લા પંચાયત પ્રમુખ શીતલ વાઘેલાએ જણાવ્યું કે, બાળકોમાં સંક્રમણ અટકાવવા માટે સમગ્ર જિલ્લાની ટીમ ખાસ કરીને તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ અને પદાધિકારી આગળ આવી બાળકોને આ મહામારીથી બચાવવા અભિયાન સ્વરૂપે કામ કરવું જોઈએ. લોકોમાં કોરોના સંદર્ભે તમામ સાવચેતીઓનું પાલન કરવા જનજાગૃતિ લાવવા કામ કરવું જોઈએ.

કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું કે, બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત આવરી લઈ આર્થિક સહાય પૂરી પાડવામાં આવી રહી છે, તેમજ બાળકોના સ્વાસ્થ્યની જાળવણી અને કાળજી રાખવી ખૂબ જ જરૂરી છે. જે માટે વહીવટી તંત્રે તમામ જરૂરી પગલાઓ લીધા છે.

જીલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે જણાવ્યું કે, કોરોનાથી બચવા વેકિસનની મહત્વ દરેક વ્યકિતએ સમજવું જરૂરી છે. રસીકરણના માદયમથી આપણે આપણી જાતને કોરોના સંક્રમણથી બચાવી શકીએ છીએ.

બાળ આયોગના પ્રોગ્રામ ઓફીસર શતાબ્દી પાંડે દ્વારા કાર્યક્રમનો ઉદ્દેશ અને બાળકોમાં સંક્રમણને કેવી રીતે અટકાવી શકાય તેની માહિતી આપવામાં આવી હતી.

બાળ કલ્યાણ સમિતિના ચેરમેન નરેન્દ્ર સોનીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવે, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી આર.પી. ખાટા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શાંતિલાલ તાવિયાડ તેમજ લીગલ કમ પ્રોબેશન ઓફિસર એ.જે. કુરેશી ઉપસ્થિત રહ્યાં હતા.

# ફતેપુરા તાલુકાના ઘાણીખુંટમાં લકઝરી બસના ચાલકે રાહદારીને કચડતા મોત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં બેફામ બનેલા વાહનચાલકો દિન–પ્રતિદિન નિર્દોષ લોકોને અકસ્માતનો ભોગ બનાવી મોત નીપજાવી રહ્યા છે.એક અકસ્માત બનાવવાની શાહી સુકાતી નથી,ત્યાંજ બીજો અકસ્માતનો બનાવ બની રહ્યો છે. ગત સોમવારના મોટાનટવામાં એક ૪૫ વર્ષીય વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે આજરોજ ઘાણીખુટ ગામે લક્ઝરી બસના ચાલકે રાહદારીને અડફેટમાં લઈ અકસ્માત સર્જતા પુરૂષનુ ઘટનાસ્થળે જ કમાટી ભર્યું મોત નીપજ્યું છે.જ્યારે મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.




જાણવા મળેલી વિગતો મુજબ આજરોજ બપોરના ફતેપુરા તાલુકાના ઘાણીખુટ ગામે એક લક્ઝરી બસના ચાલકે તેના કબજાની ગાડીને પુરપાટ અને ગફલતભરી રીતે હંકારી લાવી સાઈડમાં ઊભા રહેલ એક મહિલા સહિત પુરૂષને અડફેટમાં લીધા હતા. તેમાં પૂરપાટ દોડી આવેલી લક્ઝરી બસના પૈડા ઘાણીખુટ ગામના રાહુલભાઈ વાદી ઉપર ફરી વળતા સ્થળ ઉપર જ કમાટી ભર્યું મોત નિપજ્યું હતું.જ્યારે મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. અકસ્માત બાદ લક્ઝરી ચાલક પોતાના કબજાના વાહનને સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો.જ્યારે આસપાસ થી દોડી આવેલા રોષે ભરાયેલા લોકો એ લક્ઝરીની તોડફોડ કરી હતી.સુખસર પોલીસને જાણ થતા લક્ઝરીનો કબજો પોલીસે મેળવી બનાવ સંબંધે આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# સંસ્કાર એડવેન્ચર તથા “સામાજીક વનીકરણ વિભાગ દાહોદના સહયોગથી” ડોર ટુ ડોર રોપાઓ (વૃક્ષ) વિતરણ કાર્યક્રમ યોજાયો

દાહોદ,

વિશ્વમાં એક ચર્ચા છે, પૃથ્વી પર ગંભીર ખતરો વર્તાઈ રહ્યો છે. જેનું મુખ્ય કારણ માત્રને માત્ર વૃક્ષોની ઘટ થઈ રહી છે આથી સૌ કોઈએ સમજીને પ્રકૃતિ પ્રત્યે પોતાનુ યોગદાન દેવુ ખુબજ જરૂરી છે. કેમ કે વૃક્ષો છે તો માનવ જીવન છે તેની સાથે સમગ્ર પ્રાણી જગત ઈશ્વરને આધીન છે. સતત પર્યાવરણની ચીંતા કરતા શેઠ ગીરધરલાલ સંસ્કાર કેન્દ્ર દાહોદ દ્વારા સંચાલિત “સંસ્કાર એડવેન્ચર” તથા સામાજીક વનીકરણ વિભાગ દાહોદના સહયોગથી “ડોર ટુ ડોર” રોપાઓ (વૃક્ષ)નું વિતરણ કાર્યક્રમ આજરોજ યોજાયો.



દાહોદ શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરે ઘરે જઈ અલગ અલગ પ્રકારોના રોપાનું વિતરણ કરાયું શહેરના સ્ટેશન રોડ, ગોદીરોડ, ગોધરા રોડ તાલુકા શાળા રોડ સહિત અલગ અલગ વિસ્તારોમાં નગરજનો દ્વારા કરાયેલા રજીસ્ટ્રેશન બાદ એડવેન્ચર ટીમ દ્વારા સરસ્વતી ચોક ખાતેથી સંસ્કાર એડવેન્ચરની ટીમની ઉપસ્થિતમાં નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ ગોદીરોડ કાઉન્સિલર લખન રાજગોર અને વન વિભાગના એસીએફ ડામોર અને સોસાયટીના હિતેન્દ્ર રાણાસર અને વૃક્ષારોપણના કન્વીનર અકિલભાઈ કોઠારીની હાજરીમાં રિના પંચાલના હસ્તે વૃક્ષ રથને રીબીન કાપી તેને શહેરના વિવિધ વિસ્તારોમાં જવા રવાના કરાયા અને ટોર ટુ ડોર વૃક્ષરોપા વિતરણની શરૂવાત કરાઈ આવેલ તમામ મહેમાનો નું તેઓને વૃક્ષોના રોપા આપી સ્વાગત કરાયું હતું. ત્યારબાદ એડવેન્ચર ટીમના સભ્યો દ્વારા ઘરે ઘરે જઈ અલગ–અલગ જેટલા વૃક્ષો જેમાં ગુલાબ ચંપો મહેંદી તુલસી જામફળ જાંબુ સીતાફળ એલોવેરા આયુર્વેદિક ઔષધી આવા વિવિધ ૯૦૦ ઉપરાંત રોપાઓનું વિતરણ કરાયું જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો એ આ કાર્યક્રમને આવકાર્યો હતો અને પોતે પણ વૃક્ષનું જતન કરશે અને પર્યાવરણ બચાવશે તેવી બાહેધરી પણ શહેરના રહીશો દ્વારા આપવામાં આવી હતી. ડોર ટુ ડોર સંસ્કાર દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક લોકોએ ફેર આવા કાર્યક્રમો યોજવા માટે તેમને પ્રેરિત કર્યા હતા.

# મહીસાગર જિલ્લાના વિરપુર અને બાલાશિનોર તાલુકાઓના ખેડૂતોએ નવીન કમલમ ફળ (ડ્રેગન ફ્રૂટ) ની ખેતી ની વાવેતર

લુણાવાડા,

થોર કુળના કમલમ ફળ એટલે કે ડ્રેગન ફ્રૂટની ખેતીની શરૂઆત છેક કચ્છથી લઈને મધ્ય ગુજરાત સહિતના વિસ્તારોમાં સાહસિક ખેડૂતોએ નવા ખેત સાહસ રૂપે કરી છે. રાજયના બાગાયત વિભાગે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ આ પૌષ્ટિક ફળની ખેતી કરનારા કૃષિ સાહસિકોને યોજનાના નિર્ધારિત માપદંડો પ્રમાણે સહાય આપવાનું શરૂ કર્યું છે. કમલમ ફળનો વાવેતર વિસ્તાર વધારવાના હેતુસર સહાયની યોજનામાં આ ફળનો સમાવેશ કરવામાં આવ્યો.



અત્યાર સુધી બાગાયત ખાતાની સહાય યોજનાઓમાં આ નવા પાકનો સમાવેશ થતો ન હતો એવી જાણકારી આપતાં મહીસાગર જિલ્લા ખાતેની નાયબ બાગાયત નિયામક કચેરીના નાયબ બાગાયત નિયામકએ જણાવ્યું કે,હાલમાં આ ફળપાક માટે વાવેતર કરનારા ખેડૂતોને સહાય આપવાના ધારાધોરણો ઘડવામાં આવ્યાં છે. તે પ્રમાણે ડ્રેગન ફ્રૂટની મહત્તમ બે હેક્ટરની ખેતી માટે સહાય મળવા પાત્ર છે. પ્રતિ હેક્ટર રૂ.૨.૫૦ લાખ નિર્ધારિત ખર્ચ એકમના ૫૦ ટકા પ્રમાણે આ ફળની ખેતી માટે સહાય મળી શકે છે.એટલે કે મહત્તમ એક હેક્ટરમાં વાવેતર હોય તો રૂ.૧.૨૫ લાખની સહાય યોજના હેઠળ મળે.અને મહત્તમ બે હેક્ટરમાં વાવેતર માટે આ સહાય મળી શકે. હાલમાં ડ્રેગન ફ્રૂટ ની બાગાયત ખેતી કરવા ઈચ્છતા ખેડૂતો આ https://ikhedut.gujarat.gov.in પોર્ટલ પર ૩૧મી ઓગસ્ટ–૨૦૨૧ સુધી અરજીઓ કરી શકાશે. તેમજ ડ્રેગન ફ્રૂટ ની ખેતી કરવા ઈચ્છતા સાહસિક ખેડૂતોએ જિલ્લા ખાતેની નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકશે. વધુમાં આ ફળની ખેતી કરવા માટે સિમેન્ટના થાંભલાનું માળખું બનાવવું પડે છે.એટલે શરૂઆતનો ખર્ચ મોટો અને વાવેતરના લગભગ ત્રણ વર્ષે પાક મળતો થાય, તેથી મોટા ખેડૂતોને આ ખેતી પોસાય.પરંતુ સહાયની યોજનાને લીધે આર્થિક ભારણમાં મદદ મળતાં નાના અને મધ્યમ ખેડૂતો આ ખેતી કરી શકશે. તેઓ કહે છે કે, યોજનાઓ શકય તેટલી સરળ રાખવાથી ખેડૂતો સારી રીતે લાભ લઈ શકે છે.

તેમણે જણાવ્યું કે,આ ફળપાકની ખેતી માટે સહાયની યોજના શરૂ કર્યાનુ આ પહેલું વર્ષ છે. જિલ્લાના વિરપુર અને બાલાશિનોર તાલુકાઓના સાહસિક ખેડૂતોએ નવીન ડ્રેગન ફ્રૂટ ની ખેતીનું વાવેતર કરેલ છે. બાગાયત કચેરી દ્વારા ખેડૂતોને તેની જાણકારી આપવામાં આવી રહી છે.

બાગાયત ખેડૂતોએ આ ડ્રેગન ફ્રૂટ પાકમાં સહાય યોજના શરૂ કરવા બદલ રાજ્ય સરકાર અને બાગાયત ખાતાને અભિનંદન પાઠવ્યા છે.

# ગોધરા તાલુકામાં ઓરવાડા સબ માર્કેટયાર્ડનું ભૂમિપૂજન કરાયું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ધી ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ, ગોધરા સંચાલિત નવીન બનનાર ઓરવાડા સબમાર્કેટ યાર્ડનું ભૂમિપૂજન અને ખાતમુહર્ત ગોધરાના લોકલાડીલા ધારાસભ્ય હસ્તે કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ કુ.કામિનીબેન.જી.સોલંકી, સમરસિંહ પટેલ ઉપપ્રમુખ, પંચમહાલ જિલ્લા ભાજપા, સરદારસિંહ પટેલ, પ્રમુખ, ગોધરા તાલુકા ભાજપા, એપીએમસીના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ, બજાર સમિતિના વાઇસ ચેરમેન રમેશભાઈ બી.બારીઆ, બજાર સમિતિના સદસ્યઓ, એ.બી.પરમાર દંડક, જિલ્લા પંચાયત, પંચમહાલ, ગોપાલભાઈ પટેલ, કા.સભ્ય ગુજરાત પ્રદેશ ભાજપા, ખુમાનસિંહ ચૌહાણ પ્રમુખ કિસાન મોરચો, પંચમહાલ જિલ્લા ભાજપા, જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સદસ્યઓ, સરપંચઓ, જિલ્લા તાલુકા સંગઠનના હોદેદારો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય સી.કે. રાઉલજી દ્વારા જણાવેલ છે કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગામડામાં ઘરે ઘરે શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જળ યોજના નો લાભ આગામી સમયમાં આ વિસ્તારમાં દરેક ઘરે મળશે. અને ખેત ઉત્પન્ન વધુ થાય તે માટે આ વિસ્તારના તળાવોને પાઈપલાઈન થી ભરીને સિંચાઈ માટે ખેડૂતોને આપવામાં આવશે. ખેડૂતોને ગોધરા તાલુકામાં થતા તમાંમ પાકો જેવા કે ડાંગર, મકાઈ, ઘઉં , બાજરી સાથે દિવેલના પણ ભાવ મળે તે માટે રજુઆત થયેલ છે.

બજાર સમિતિના ચેરમેન રાજેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા જણાવેલ છે કે, બજાર સમિતિ ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારના ખેડુતો ની સતત ચિંતા કરી રહેલ છે. અને ઓરવાડા ખાતે માર્કેટ યાર્ડ શરૂ થતાં ખેડૂતોને સાચો તોલ અને રોકડા નાણાં મળી રહેશે. અને ખેડૂતોની આવક બમણી કરવા સતત પ્રયત્નશીલ છે. બજાર સમિતિ ખેડૂતોને તમામ સુવિધાઓ માર્કેટ યાર્ડમાં આપવા કટિબદ્ધ છે. જેથી તમામ ખેડુતો એ માર્કેટ યાર્ડ માં ખેત ઉતપન્ન વેચાણ કરવાનોઆગ્રહ રાખવા જણાવેલ છે.

ગોપાલભાઈ પટેલ દ્વારા બજાર સમિતિ દ્વારા ખેડૂતોની વારસાઈ અને ટેકાના ભાવની ખરીદીમાં પડતી તમામ મુશ્કેલીઓ દૂર કરવા બજાર સમિતિ તેઓની સાથે છે. અને તમામ ખર્ચ પણ બજાર સમિતિ કરશે તેવી ખેડૂતોને ખાતરી આપેલ છે. એ.બી. પરમાર દ્વારા આ કાર્યક્રમમાં આવેલા તમામ વડીલો અને મહાનુભવોનો આભાર માનેલ હતો. ઓરવાડા જિલ્લા પંચાયત વિસ્તારના ગ્રામજનો માટે એ.બી. પરમારે નવીન જનસંપર્ક કાર્યાલય પણ માનનીય ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના પ્રમુખની હાજરીમાં ઉદઘાટન કરી ખુલ્લું મુકેલ છે.

# મહીસાગર જિલ્લો કોરોના મુકત : સતત પંદરમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં સતત પંદરમાં દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોના મુકત રહ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫–૦૭–૨૦૨૧ના સાંજના ૪–૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૯૪૧૭૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા પંદર દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો આ વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૬-૦૭-૨૦૨૧, મંગળવાર, જેઠ વદ-બારસ, સૂર્યોદય-૬-૦૧, સૂર્યાસ્ત-૭-૨૫, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : વૃષભ (બ,વ,ઉ), નક્ષત્રઃ કૃતિકા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# મધ્યપ્રદેશના દેવાસ જીલ્લામાં એક પરિવારના પાંચ સભ્યોની હત્યારાઓને સજા માટે દાહોદ ટાઈગર સેના દ્વારા આવેદન અપાયું

દાહોદ,

મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં કેટલાંક દિવસો પુર્વે એક હચમચાવી મુકનાર ઘટના સામે આવી હતી. જેમાં એકજ પરિવારના ૦૫ સભ્યોની કરપીણ હત્યા કરી યુવતીઓ સાથે બળાત્કાર કર્યાં બાદ તેઓને પણ મોતને ઘાટ ઉતારી દીધાં બાદ પાંચેયના મૃતદેહોને જમીનમાં દાટી દઈ આરોપી ફરાર થઈ ગયાંની ઘટનાથી સમગ્ર મધ્યપ્રદેશ સહિત દેશમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને દાહોદ જિલ્લા આદિવાસી ટાઈગર સેના દ્વારા ભારે વિરોધ દર્શાવિલ અને ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી દઈ આરોપીને સખ્તમાં સખ્ત તેમજ ફાંસીની સજા કરવામાં આવે તેમજ સીબીઆઈ તપાસ કરી નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી રજુઆત સાથે આજરોજ દેશના રાષ્ટ્રપતિને સંબોધતું એક આવેદનપત્ર દાહોદ જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું. દાહોદ આદિવાસી ટાઈગર સેના દ્વારા દેશના રાષ્ટ્રપતિને સંબોધતું એક આવેદન પત્ર કલેક્ટરને આપવામા આપવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યાં અનુસાર, મધ્યપ્રદેશના દેવાસ જિલ્લાના નેમાવર ગામે આદિવાસી પરિવારના ૦૫ સદસ્યોની કરપીણ હત્યાં કરવામાં આવી છે. આ પાંચ પૈકી યુવતીઓ સાથે બળાત્કાર ગુજાર્યાં બાદ પરિવારના પાંચેય સદસ્યોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યાં હતાં. મધ્યપ્રદેશની પોલીસ પ્રશાસનની લાપરવાહી તેમજ જે તે સમયે આરોપી સામે ઠોસ પગલાં ન લેવાના કારણે આ ઘટના બની હોવાના પણ આવેદન પત્રમાં આક્ષેપો કરવામાં આવ્યાં છે. આ ઘટનામાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેમજ એક ખાસ સમિતીનું ગઠન કરી આ મામલે તલસ્પર્શી તપાસ કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. સરકાર દ્વારા આ પરિવારના અન્ય સદસ્યોને સુરક્ષા અને નાણાંકીય મદદ પણ કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે. આ ઘટનાને લઈ દાહોદ જિલ્લાના આદિવાસી પરિવારો સખ્ત શબ્દોમાં વખોડી કાઢી આક્રોશ વ્યક્ત કર્યો હતો. આરોપીઓને ફાંસીની સજા કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે. સીબીઆઈ ટીમને આ કેસ સંબંધિ તપાસ સોંપવામાં આવે તેમજ આ પરિવારને ન્યાય મળે તે માટે આ આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

## દૈનિક રાશીફળ

તા.૦૬.૦૭.૨૦૨૧ મંગળવાર

મેષ (અ,લ,ઈ) : સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): ધ્યાન યોગ મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો.
મકર (ખ,જ) : વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો.
મીન (દ,ચ,ઝ,થ): હિતશત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું, મધ્યમ દિવસ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ધાનપુરના નવાનગર ગામે ૩૦ વ્યકિતઓના ટોળાએ પથ્થરો અને હથિયારો વડે હુમલો કરી લુંટ કરી

ધાનપુર,

ધાનપુર તાલુકાના નવાનગર ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં ગામમાં રહેતાં ૩૦ જેટલા માથાભારે ઈસમોના ટોળાએ રસ્તાની અદાવતે ગેરકાયદે મંડળી બનાવી એકસંપ થઈ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી, ચીચીયારીઓ કરી એક વ્યક્તિના ઘરે ટોળું ઘસી આવ્યું હતું અને ત્રણ જેટલા વ્યક્તિઓને તીરકામઠા વડે, લાકડી વડે તેમજ છુટ્ટા પથ્થરો મારી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડ્યાં બાદ ટોળાએ બોલેરો ગાડીના કાચ તોડી નાંખી ઘરમાં ટોળુ ઘુસી જઈ તોડફોડ કરી તેમજ ઘરમાંથી રોકડા રૂપીયા ૮૫,૦૦૦ની લુંટ ચલાવી ટોળાએ ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ સંબંધે માથાભારે ટોળાના પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

નવાનગર ગામે કદવાલ ફળિયામાં રહેતાં શંકરભાઈ હીરાભાઈ, હરસીંગભાઈ ધુળાભાઈ, ભરતભાઈ બદીયાભાઈ, અંજુભાઈ વલીયાભાઈ, ગોરધનભાઈ બદીયાભાઈ, ભુરાભાઈ મુળાભાઈ, આશીષભાઈ ગોરધનભાઈ, ધારૂભાઈ હરસીંગભાઈ, ઝાલુભાઈ હરસીંગભાઈ, શનુભાઈ હરસીંગભાઈ, સેતાનભાઈ સોમાભાઈ, ભારતાભાઈ મુળાભાઈ, કાળીયાભાઈ મુળાભાઈ, કલ્પેશભાઈ કાળીયાભાઈ, રાકેશભાઈ કાળીયાભાઈ, નબળાભાઈ હીરાભાઈ, સંજયભાઈ ઉર્ફે ચંદાભાઈ, સુનીલભાઈ નબળાભાઈ, વિજયભાઈ નબળાભાઈ, બદીયાભાઈ ધુળાભાઈ, હીરાભાઈ ધુળાભાઈ, દિનેશભાઈ દલાભાઈ, ઈનેશભાઈ દલાભાઈ, મુકેશભાઈ દલાભાઈ, રાહુલભાઈ શંકરભાઈ, અજયભાઈ વલીયાભાઈ અને સમુલાભાઈ હીરાભાઈ તમામ જાતે ડામોરનાઓએ ગત તા.૦૪ જુલાઈના રોજ પોતાના ગામમાં રહેતાં પુનમભાઈ દેવલાભાઈ ડામોરના ઘરે રસ્તાની અદાવતે ગેરકાયદે મંડળી બનાવી હાથમાં તીરકામઠા, લાકડીઓ, પથ્થરો વિગેરે જેવા મારક હથિયારો સાથે ઉપરોક્ત ટોળું ઘસી આવ્યું હતું અને બેફામ ગાળો બોલી ટોળાએ ભારે ધિંગાણું મચાવી પુનમભાઈના ઘરે પથ્થર મારો કર્યો હતો ત્યાર બાદ પુનમભાઈ તથા તેમના પરિવારજનોને લાકડીઓ વડે તેમજ ભારે તીર મારો કરતાં તીરમારામાં રાજુભાઈ મગનભાઈ ડામોરને પેટના ભાગે તીર વાગી જતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બાદ ટોળાએ ગોફણોમાંથી પથ્થરો માર્યાં હતાં. ઘરના નળીયાની પણ તોડફોડ કરી ઘરના આંગણે પાર્ક કરેલ એક બોલેરો ગાડીના કાચ તોડી નુંકસાન પહોંચાડ્યું હતું. આ ટોળું પુનમભાઈના ઘરમાં ઘુસી જઈ ઘરમાં પણ સરસામાનની તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યાં બાદ ઘરમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૮૫,૦૦૦ની લુંટ ચલાવી ભારે ધિંગાણું મચાવી ઉપરોક્ત ટોળું નાસી જતાં પંથકમાં આ ધિંગાણાના પગલે ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો.આ સંબંધે ઈજાગ્રસ્ત પુનમભાઈ દેવલાભાઈ ડામોરે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઉપરોક્ત ૩૦ ઈસમોના ટોળા વિરૂધ્ધ રાયોટીંગનો ગુનો નોંધી તમામના ધકપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# ફતેપુરા ના કરોડીયા પુર્વ ગામે જુગાર રમતા પાંચ શકુનીઓને પોલીસે ઝડપી લીધા



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના કરોડીયા પુર્વ ગામે ખુલ્લા ખેતરમા જુગાર રમતા પાંચ વ્યકિતઓની રૂ.૧૫૩૯૦ની રોકડ પાંચ મોબાઈલ સહીત રૂ.૨૨૩૯૦ નો મુદ્દામાલ સાથે ફતેપુરા પોલીસે ધરપકડ કરી હતી. પકડાયેલા જુગારીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી.


ફતેપુરા પોલીસને ખાનગીરાહે બાતમી મળી હતી કે, કરોડીયા પુર્વ ગામે નરસિંહભાઈ રામચંન્દ્ર ડીંડોર ના ઘરની પાછળ ખુલ્લામાં કેટલાક ઈસમો બેસી પાના પત્તાનો જુગાર રમે છે, જે મળેલ બાતમી આધારે બાતમી વાળી જગ્યાએ ફતેપુરા પી.એસ.આઈ. સી.બી.બરંડા એ પોલીસ સ્ટાફ મુકેશકુમાર ઉદેસિંહ, પિન્ટુભાઈ સુભાષભાઈ, કલ્પેશભાઈ ડાહયાભાઈ, મહેશકુમાર પ્રતાપભાઈ, રતનસિંહ મંગળસિંહ, બાબુભાઈ કશનાભાઈ અને બે પંચના માણસો સાથે રેડ કરી ટોળુ વળી પાના પત્તા વડે હાર જીતનો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી લીધા હતા, પોલીસે પકડાયે પાંચ આરોપીઓ નરસિંહ રામચંન્દ્ર ડીંડોર, પ્રકાશ લવજી તાવિયાડ, જગદીશ વખજી ડીંડોર, દશરથ રામચંન્દ્ર ડીંડોર, ભમરસિહ રામચંન્દ્ર ડીંડોર સહિત પાંચેય જુગારીયાઓની અંગઝડતી કરતા તેમની પાસેથી રોકડ રકમરૂ.૧૫૩૯૦, પાંચ મોબાઈલ કિ.રૂ.૭૦૦૦, ગંજી પાના પત્તા નંગ-૫ કિ.રૂ.૨૦ મળી કુલ રૂ.૨૨૩૯૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો, પોલીસે તમામ પાંચેય જુગારીયાઓની મુદ્દામાલ સાથે ધરપકડ કરી તમામ આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા, હાલ તો પોલીસે જુગાર ધારા કલમ -૧૨ મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંજેલી પુષ્પસાગર તળાવમાં ડૂબી જવાથી બે માસુમ બાળકોના મોત : પરિવારમાં શોકનું માતમ

સંજેલી,

સંજેલી ખાતે આવેલ પુષ્પસાગર તળાવ રમતા રમતા ઢોરોની સાથે તળાવમાં પડતા ડૂબી જવાથી માસૂમ કોમળ જેવા ભાઈ બહેનના મોતની જાણ થતા લોકટોળા ઉમટ્યા પરિવારમાં મોતનો માતમ છવાયો. સંજેલી ખાતે આવેલી પુષ્પસાગર તળાવ રવિવારના રોજ બપોરના બાર વાગ્યાની આસપાસ રિતેશભાઈ જયંતીલાલ સોની અને તેમની પત્ની તેમજ તેમના બે બાળકો સાથે તળાવ કિનારે આવેલા ખેતરમાં હતા. તે દરમ્યાન બન્ને ભાઈ બહેનો ઢોરોની પાછળ ફરતા હતા ત્યારે ઢોર તળાવમાં કૂદતાં તેની પાછળ બન્ને ભાઈબહેનોએ પણ કૂદકો લગાવી દીધો હતો. ત્યારે થોડી વાર બાદ માતા પિતાને અને બંને બાળકો જોવા ન મળતાં તપાસ હાથ ધરતા તે દરમ્યાન ઢોરો તળાવ માં પાણીમાં હતાં. તે અંદાજ મારી બાળકો પણ તળાવમાં જ હશે તે રીતે શોધખોળ આદરી હતી. ભારે જહેમત બાદ પુત્રી ધ્રુતીબેન ઉંમર વર્ષ ૯ અને પુત્ર જયનિશ ઉમર ૭ બંને ભાઈ બહેન ના મૃતદેહ મળી આવતા માતા પિતા પર આભ તૂટી પડ્યું હતું. જ્યારે પરિવારમાં એક ભાઈ અને એક બહેન હતા. અચાનક આજે પરિવારમાં ભાઈ બહેનોએ એક સાથે ડૂબી જવાથી મોત નિપજતા માતા પિતા બાળક વિનાના થયા. બન્ને ભાઈ બહેનો એક સાથે અર્થી ઉઠતા પરિવાર સહિત નગરમાં શોકનો માતમ છવાયું.

# કોણ જાણે કેમ?



જીજ્ઞા કપુરીયા (નિયતી)

આ અદ્વૈત-દ્વૈત આકર્ષણ
અપાકર્ષણની માયાવી લીલાઓ
બ્રહ્માંડને ફેરકુદરડી રાસ રમાડી
રહી છે!
આ સૂર્ય નિયત સમયે ઉદય અને
અસ્ત શાને થયાં કરે છે ?
કોણ જાણે કેમ?

આ માનવ શરીરનું જન્મવું ને
રાખ થઈ માટીમાં મળી જવું !
આ સૂરજમુખી પૂર્વાભી મૂખે
ઉન્નત શાને રહે છે?
કોણ જાણે કેમ?

આ દરિયામાં ભરતી અને ઓટ સાથે લહેરો પણ ઊઠે છે!
આ દ્વિરેફ લપેટાયેલો કમળમાં બીડાયેલો શાને રહે છે?
કોણ જાણે કેમ?

આ ચાંદનીરાતે રાજાધિરાજ સમ્રાટની જેમ ચંદ્રમાં ખીલી ઊઠે છે!
આ એજ ચંદ્ર અમાસનીરાતે અંધકારમાં વિલિન શાને રહે છે?
કોણ જાણે કેમ?

આ વસંતમાં સૃષ્ટિનું યૌવન જાણે નિસર્ગનો વૈભવ છે!
આ એજ સૃષ્ટિ પાનખરમાં ઉદાસ બેરંગ શાને રહે છે ?
કોણ જાણે કેમ?

આ લાગણીઓનું ખેંચાણને સંબંધોનો મોહ અજાણતાં જ જન્મી રહે
છે!
આ પ્રેમરૂપી પુષ્પની મહેક ચોમેર 'નિયતી' શાને રહે છે?
કોણ જાણે કેમ?
અસ્તૂ

# ઝાલોદમાં સંભવિત ત્રીજી લહેરને લઈ ઓક્સિજન પ્લાન્ટ ઉભો કરાયો



તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં કોરોના કાળમાં ઓક્સિજનના બોટલો લેવા માટે છેક દાહોદનો ધક્કો ખાવો પડતો હતો.તેમાંય ખાસ ઓક્સિજનની અછતને લઈને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. તેમજ કોરોનાની બીજી લહેરમા ઓક્સિજનની અછતના કારણે અનેક લોકોએ જાન પણ ગુમાવી હતી.

જેને ધ્યાને લઈને ભારત સરકારના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારને ઓક્સિજન ઉત્પાદન પર ભાર મૂકીને આવનારા સમયમાં ઓક્સિજનની કટોકટી ટાળવા માટે સબ ડ્રિસ્ટ્રીક લેવલે ઓક્સિજન પ્લાન્ટ નાખવાના આયોજન હેઠળ દાહોદ જિલ્લામા ચાર સ્થળો પર ઓક્સિજન પ્લાન્ટ નાખવાનું ગુજરાત ન્યૂ પેટર્ન યોજનામા ૬ કરોડ રૂપિયાના ફાળવવામા આવ્યા હતા.

તે પૈકી ઝાલોદ ખાતે આજ રોજ બોસ્કો ઈન્ડિયા કંપની દ્વારા ઓક્સિજન ટેન્કનું ઈન્સ્ટોલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં દશેક દિવસમાં જ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત થઇ જશે. ફેસિલિટેડ એજન્સી તરીકે GCSRA કંપની તથા અન્ય કંપનીઓના સહગથી રાજ્ય સરકાર દ્વારા ઝાલોદ સરકારી દવાખાના ખાતે ઓક્સિજન પ્લાન્ટની ફાળવણી કરીને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાતા સમગ્ર પંથકમાં આનંદની લાગણી જોવા મળી હતી. ત્રીજી લહેરની સંભાવનાઓને લઈને સબ ડ્રિસ્ટ્રીક હોસ્પિટલમાં હાલ સુધારા વધારાકરવા માટે બાંધકામ સહીતની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

# દાહોદમાં નિવાસી અધિક કલેક્ટર તરીકે ચાર્જ સંભાળતા એ.બી. પાંડોર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત વહીવટી સેવાના વરિષ્ઠ અધિકારી એ.બી. પાંડોરે આજે સવારે દાહોદનાં નિવાસી અધિક કલેક્ટર તરીકેનો પદભાર ગ્રહણ કરી લીધો છે.

દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની સામાન્ય ચૂંટણી તથા વર્ષ ૨૦૧૪ ની લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને તે બાદ લીમખેડામાં પ્રાંત અધિકારી તરીકે બે વર્ષ સુધી ફરજ બજાવનારા પાંડોર દાહોદ જિલ્લાથી સુપરિચિત છે. તેઓ અમરેલી ખાતે ૩ વર્ષ કરતા પણ વધુ સમય આરએસી તરીકે ફરજ બજાવી રહ્યાં હતા. ત્યાંથી તેમની દાહોદ ખાતે બદલી થઇ છે.

વર્ષ ૨૦૦૪ માં ગુજરાત વહીવટી સેવામાં જોડાનાર પાંડોર વિવિધ સ્થળોએ નાયબ કલેક્ટર મધ્યાહન ભોજન, જમીન સંપાદન, પ્રાયોજના વહીવટદાર સહિતના પદો ઉપર સેવા બજાવી છે. સ્વભાવે મિલનસાર અને મિતભાષી પાંડોરના અનુભવનો લાભ જિલ્લા વહીવટી તંત્રને મળશે.

# સંજેલીના બોડીયાભીત ગામે આપની મહત્વની બેઠક યોજાઈ



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલીના બોડીયાભીત ખાતે આમ આદમી પાર્ટીની અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં વિવિધ મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં પાર્ટીના સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે હાંકલ કરી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તાલુકા પંચાયતની બેઠકમાં ૧૬ બેઠાકોમાંથી એક માત્ર બેઠક ઉમેદવારી નોંધાવી હતી. જેમાં આપ પાર્ટીના ઉમેદવારને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે આપ દ્વારા ૧૮૨ વિધાનસભાની બેઠકો પણ ચૂંટણી લડવાનું એલાન કર્યું છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં આપ પાર્ટી પોતાની મજબૂત પકડ બનાવવાના હેતુસર વિવિધ ગામોમાં જઈને બેઠકોનો ધમધમાટ શરૂ કરી દીધો છે. જેને અનુલક્ષી સંજેલીના બોડીયાભીત ખાતે આપ ગુજરાત પ્રદેશ સંગઠનમંત્રી જયેશ સંગાડાના અદ્યક્ષતાને સંજેલી તાલુકાના બોડીયાભીત ગામે આપની મિટિંગ યોજાઈ જેમાં સામાજિક કાર્યકર્તા ભરતભાઈ વસૈયા તેમના ૨૦ જેટલા સમર્થકો સાથે આપમાં જોડાયા હતા આપમાં પ્રવેશ સાથેજ ભરતભાઈ વસૈયાને આમ આદમી પાર્ટી સંજેલી ના કાર્યકારી ઉપપ્રમુખ તરીકે નિમણુંક આપી પાર્ટીમાં સ્વાગત કર્યું હતું.

# દે.બારીયા તાલુકા હેલ્થ ઓફિસરે વેકસીનેશનના આંકડા બતાવવામાં ન આવ્યા મીડીયા થી શું છુપાવી રહ્યા છે ?

દે. બારીયા,

દે. બારીયાના તાલુકાની હેલ્થ ઓફિસના દ્વારા વેકસીનેશન સરકારી દવાખાનાની ઓપીડીમાં શરૂ કરવામાં આવ્યો હતો. તેનું ઉદ્ઘાટન દે. બારીયાના સીવીલ સુપ્રીટેન્ડન્ટને પ્રથમ વેક્સીનેશન આપીને શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ વેકસીનેશન સેન્ટર ઉપર અમારા પંચમહાલ સમાચારના પ્રતિનીધી એ મુલાકાતમાં વેકસીનેશનની જે અભિયાન પહેલી જુલાઈ થી આરંભ થવા પામ્યો છે. તે અભિયાનના સમયના સચોટ આંકડા મેળવવા માટે ગયા હતા. ત્યારે કર્મીઓ વેકસીનેશન માટે ઓનલાઈન તેમજ ઓફ લાઈન રજીસ્ટ્રેશન કરી રહ્યા હતા. તેમની મુલાકાત કરીને હાલ સુધીના વેક્સીનેશન આંકડાની માહિતી માંગી તો તેમણે તાલુકા હેલ્થ ઓફિસર બારીયા સાથે ટેલીફોનિક વાર્તાલાપમાં પુછપરછ કરી કે મીડીયાના કર્મીને હાલ સુધીના આંકડા આપવાના છે. તો તેમણે આદેશ આપ્યો કે અમારા આંકડા જીલ્લા હેલ્થ ઓફિસર બહાર પાડે છે. ત્યાં એક ગૃપમાં આંકડા અપાય છે શું ? તાલુકા વાઈઝ કેટલું વેકસીનેશન થયું છે અને હવે તાલુકામાં કેટલી વ્યકિતઓને વેકસીનેશન આપવાનો બાકી છે. તે આંકડા હેલ્થ ઓફીસરને આપવામાં શું ? વાંકુ પડે છે. તે મુજબ વેકસીનેશનના આંકડા પણ કેમ છુપાવવામાં આવે છે. તે આ હેલ્થ ઓફિસરન મીડીયાના કર્મીને બતાયા નથી. તેના ઉપર થી ફલીત થાય છે તથા જીલ્લામાં જે વ્યકિત મૃત્યુ પામ્યા છે. તેમના નામના વેક્સીનેશન થયાના મેસેજ આવતા જીલ્લામાં તર્કવિતર્ક સાથે શંકા ઉપજાવી હતી. તેનાથી જીલ્લાવાસીઓ વાકેફ છે.

અત્રે ઉલેખનિય એ પણ રહ્યું જે બે કર્મીઓ વેકસીનેશન માટે રજીસ્ટ્રેશન કરી રહ્યા હતા. તે બન્ને હેલ્થ કર્મીઓએ માસ્ક પહેરયા ન હતા. જેથી સરકારની ગાઈડ લાઈનનું સરેઆમ ઉલંઘન ખુદ હેલ્થ વર્કરો કરતા નજરે જણાવ્યા હતા. અને સાથે તાલુકાના હેલ્થ ઓફિસરે પણ માસ પહેર્યો ન હતો. કોરોન વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીના અસંખ્ય પગલાઓ લીધા છે. અને ફ્રન્ટ વર્કરો આ ગાઈડ લાઈનનું સરેઆમ ઉલંઘન કરશે તો ત્રીજી લહેર આવ્યામાં કોઈ જ રોકી શકે તો લોકો લેશે ખરા કોરોના સામે લડાવ લોક્જાગૃતી માટે મીડીયાનો એટલો જ સહયોગ લેવો રહ્યો પરંતુ અહીં તો મીડીયાને પહેલી જુલાઈ થી ચાર જુલાઈ સુધીના સચોટ વેકસીનેશન જ થયેલા હોય તે આંકડા આપવામાં આનાકાની કેટલી વ્યાજબી છે. તાલુકાના હેલ્થ ઓફિસર બારીયા મીડીયા થી શું ? છુપાવવા માંગતા હશે ? તે એક મોટો અને ગંભીર સવાલ છે. સાથે સાથે જીલ્લાના હેલ્થના પદઅધિકારીઓ પાસે તાલુકા વાઈસ વેકસીનેશનના સચોટ અને સાચા આંકડા તાલુકાના મીડીયા કર્મીઓને આપવા માટે આદેશ કરવાના રહ્યા નહિ તો લોકતંત્રના ચોથા સ્તંભ થી આંકડા છુપાવવામાં આવે તો આપણા ભારીતય લોકતંત્રને કલંકીત કરી લોક્તંત્રની હત્યા કર્યા સમાન છે. તેમ કહેવું ખોટું નથી.

# ફતેપુરાના વિવિધ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે સંચાલક કમ કુમની નિમણુંક કરાશે

દાહોદ,

ફતેપુરા તાલુકામાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિવિધ સરકારી તેમજ ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રની જગ્યા પર સંચાલક કમ કુકની નિમણુંક સરકારી નિયમોનુસાર તદ્દન હંગામી ધોરણે કરવામાં આવશે. આ માટે ઈચ્છુક યોગ્યતા ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે. અરજી કરવા ફોર્મ મામલતદાર કચેરી, ફતેપુરાની મભય શાખામાંથી કામકાજ દિવસો દરમિયાન મેળવીને જરૂરી પ્રમાણપત્રો સાથે કરવાની રહેશે. જે આગામી તા. ૧૨ જુલાઈ સુધીમાં રૂબરૂ કે રજીસ્ટર્ડ પોસ્ટથી અત્રેની કચેરીને મળી જાય એ રીતે કરવાની રહેશે. આ માટે અરજદાર ઓછામાં ઓછા ૨૦ વર્ષ તેમજ મહત્તમ ૬૦ વર્ષ સુધીની વય ધરાવતો હોવો જોઈએ. અરજદાર એસએસસી પાસ તેમજ તે જ ગામની હોવી જોઈએ અને નિરોગી હોવાનું પ્રમાણપત્ર ડોક્ટર પાસેથી મેળવવાનું રહેશે. વિધવા, ત્યકતા, નિરાધાર સ્ત્રી કે આર્થિક રીતે નબળી વ્યકિતને અગ્રતા અપાશે. ઉમેદવારે આ પોસ્ટ પર નિમણુંક માટે કેટલીક જરૂરી લાયકાતો ઉપરાંત ગેરલાયકાતો અને અન્ય શરતો પણ દયાને રાખવાની છે. ફતેપુરાના મામલતદારએ એક યાદીમાં ઉક્ત માહિતી આપી છે.

# મધ્યપ્રદેશના ઝાબુઆ અમદાવાદ-ઈન્દોર હાઈવે ઉપર બ્રાઉન સુગર સાથે ઈસમ ઝડપાયો

દાહોદ,

ઈન્દૌર - અમદાવાદ નેશનલ હાઈવે પરથી આજરોજ મધ્યપ્રદેશની ઝાબુઆ જિલ્લાની પોલીસે એક યુવક પાસેથી ૧૦.૪૬ કિલોક ગ્રામ અંદાજે રૂા.૫૦ હજારની કિંમતનું બ્રાઉન સુગર સાથે ઝડપી પાડી તેની પુછપરછ કરતાં બ્રાઉન સુગર ગુજરાતના દાહોદ જિલ્લામાં આપવા માટે જઈ રહ્યો હોવાનો ઝડપાયેલ યુવકે ખુલાસો કરતાં દાહોદ જિલ્લામાં ક્યાંકને ક્યાંક આ કેસના તારો જોડાયાં હોવાની ભારે ચર્ચાઓ સાથે દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ બ્રાઉન સુગરનો મોટા પાયે વેપલો થઈ રહ્યો હોવાની આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. દાહોદ જિલ્લા પોલીસ દ્વારા મધ્યપ્રદેશની આ ઘટનાને પગલે જિલ્લામાં આવા બ્રાઉન સુગરના માફિયાઓ સામે લગામ કસે તે અતિ આવશ્યક છે.

દાહોદ જિલ્લાની મધ્યપ્રદેશની મધ્યપ્રદેશની સરહદને અડીને આવેલ ઈન્દૌર - અમદાવાદ નેશનલ હાઈવે પર મધ્યપ્રદેશની ઝાબુઆ જિલ્લાની પોલીસને મળેલ બાતમીના આધારે આજરોજ આ નેશનલ હાઈવે પર વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના રાણાપુર તાલુકાના રાણપુર નગરના મહાત્મા ગાંધી રોડ તરફ રહેતો શાહીદ રાજાખાન નામક યુવકને મોટરસાઈકલ સાથે ઉભો રાખ્યાં હતો અને તેની પાસેની થેલીની તલાતી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આ થેલીમાંથી ૧૦.૪૬ કિલો ગ્રામ બ્રાઉન સુગર જેની કિંમત રૂા.અંદાજે ૫૦ હજારના આસપાસની ગણવામાં આવી રહી છે. આ બ્રાઉન સુગરના જથ્થા સાથે ઉપરોક્ત યુવકને ઝાબુઆ જિલ્લાની પોલીસે ઝડપી પાડી તેને પોલીસ મથકે લઈ જઈ તેની સઘન પુછપરછ કરતાં, આ બ્રાઉન સુગર દાહોદ આપવા માટે જતો હતો તેવું ઝડપાયેલ શાહીદ રાજાખાને જણાવ્યું હતું. સમગ્ર ઘટનાને ધ્યાનમાં રાખી મધ્યપ્રદેશની ઝાબુઆ જિલ્લાની પોલીસે દાહોદ સુધી આ બ્રાઉન સુગરનું કનેક્શન સામે આવતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ આવનાર દિવસોમાં મધ્યપ્રદેશની પોલીસના ધામા હશે તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોક્તિ નહીં ગણાય. દાહોદ જિલ્લા પોલીસે પણ આ તરફ જિલ્લામાં આવા બ્રાઉન સુગર માફિયાઓ સામે લગામ કસવામાં આવે તે અતિઆવશ્યક બન્યું છે. આદિવાસી બાહુલ્ય ધરાવતાં દાહોદ જિલ્લામાં બ્રાઉન સુગરનું કનેક્શન સામે આવતાં અનેક સવાલો ઉભા થયાં છે. અનેક મોટા માથાઓ આ બ્રાઉન સુગરની હેરાફેરી તેમજ વેચાણમાં સંડોવણી હશે કે કેમ? તેની ઉપર પણ અનેક શંકા કુશંકાઓ થવા માંડી છે. દાહોદ જિલ્લામાં શું ખરેખર બ્રાઉન સુગરનો વેપલો થતો હશે કે કેમ તે તરફ પણ પોલીસ તપાસ આરંભવામાં આવે તો મોટો ઘટસ્ફોટ સામે આવે તેમ છે. બ્રાઉન સુગર જેવા નસીલા પદાર્થની હેરાફેરી તેમજ વેચાણમાં ક્યાંક ને ક્યાંક દાહોદ જિલ્લો પણ સામેલ તો નહી હોયને તેવા સંકેતો મળી રહ્યાં છે ત્યારે મધ્યપ્રદેશની પોલીસ દ્વારા દાહોદ શહેર સહિત જિલ્લામાં આ કેસ સંબંધિ તારો જોડાયેલા હોવાને કારણે મધ્યપ્રદેશ પોલીસ દાહોદ જિલ્લામાં પણ તપાસ અર્થે આવી શકે તેમ લાગી રહ્યું છે. દાહોદમાં આ યુવક કોને આ બ્રાઉન સુગર સપ્લાઈ કરવા આવ્યો હશે? તે પણ એક રહસ્ય બની રહ્યું છે અને હવે આ રહસ્ય ઉપરથી પડદો તો ત્યારે જ ઉચકાશે જ્યારે પોલીસ તપાસ થશે અને દાહોદમાં કોની સંડોવણી હશે તે બહાર આવશે.

# ગરબાડાના નેલસુર ગામેથી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતા ફરિયાદ

ગરબાડા,

ગરબાડા તાલુકાના નેલસુર ગામનો ચકચાર બનાવ સામે આવ્યો છે. જેમાં બે યુવકોએ એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ ભરૂચ મુકામે લઈ જઈ જ્યાં સગીરાને ગોંધી રાખી એકે પત્નિ તરીકે રાખવા સારૂં સગીરાની મરજી વિરૂધ્ધ વારંવાર બળાત્કાર ગુજારતાં આ સંબંધે સગીરા દ્વારા બંન્ને યુવકો વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરા ગત તા.૦૯મી જુનના રોજ નેલસુર ગામે બકરા ચરાવતી હતી. આ દરમ્યાન દાહોદ તાલુકાના બાવકા ગામે રહેતો મુકેશ ઉર્ફે પ્રકાશભાઈ બાબુભાઈ ભાભોર અને તેની સાથે તેનો મીત્ર એમ બંન્ને જણા સગીરા પાસે આવ્યાં હતાં અને સગીરાને કહેલ કે, ચાલ આપણે લીમખેડા ફરવા જઈએ, તેમ કહી સગીરાને મોટરસાઈકલ પર બેસાડી લીમખેડા મુકામે લઈ ગયાં બાદ મુકેશ ઉર્ફે પ્રકાશભાઈએ સગીરાને કહેલ કે, તને મારી પત્નિ તરીકે રાખવી છે, તેમ કહી એક બસમાં સગીરાને બેસાડી તેનું અપહરણ કરી ભરૂચ મુકામે લઈ ગયો હતો. જ્યાં સગીરાને એક ઘરમાં ગોંધી રાખી સગીરાની મરજી વિરૂદ્ધ મુકેશભાઈએ બળજબરીપુર્વક અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ યુવકોના ચંગુલમાંથી છુટી સગીરા પોતાના ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ પોતાના પરિવારજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને પરિવારજનો સગીરાને લઈ જેસાવાડ પોલીસ મથકે દોડી આવ્યાં હતા. જ્યાં અપહરણ અને બળાત્કારનો ભોગ બનેલ સગીરાએ ઉપરોક્ત બંન્ને યુવકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ઉપરોક્ત બંન્ને યુવકોના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

# દાહોદના ઈન્દોર-અમદાવાદ હાઈવે ઉપર અજાણ્યા વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે પર એક અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી પસાર થઈ રહેલ એક મોટરસાઈકલના ચાલકે જોશભેર ટક્કર મારી અજાણ્યો વાહનનો ચાલક ગાડી લઈ નાસી જતાં મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે. દાહોદ શહેરમાં આવેલ ઈન્દૌર-અમદાવાદ નેશનલ હાઈવે નજીક આવેલ બાલાજી હોટલ સામે ગત તા.૦૩ જુલાઈના રોજ દાહોદ તાલુકાના રાબડાળ ગામે રહેતાં વિપુલભાઈ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી વિપુલભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં વિપુલભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. માર્ગ અકસ્માત સર્જી અજાણ્યો વાહનનો ચાલક નાસી ગયો હતો. જ્યારે આ સંબંધે રાબડાળ ગામે રહેતાં રાહુલભાઈ ધનજીભાઈ ભાભોરે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 267

## ગોધરા એક્સ-રે હાઉસે કોરોનાકાળમાં H.R.ની સીટી રીપોર્ટ માટે

# જીલ્લા કલેટર દ્વારા રાહત આપેલ ફીમાં વધારો કરતાં કાર્યવાહીની માંગ


પ્રતિકાત્મક તસ્વીર



## ગોધરા સિવિલમાં સીટી સ્કેન મશીન ચાલુ નહિ થતાં ખાનગી એક્સ-રે હાઉસ દ્વારા ઉઘાડી લુંટ

ગોધરા,

ગોધરા નગર પાલિકા રોડ ઉપર આવેલ એક્સ-રે હાઉસને કોરોનાકાળમાં જીલ્લા કલેક્ટર દ્વારા એચ.આર. સીટી રીપોર્ટો ૨૫૦૦/-રૂપીયા નિયત કર્યા હતા. હાલ કોરોના કેસમાં ઘટાડો તેની સાથે એકસ રે હાઉસ દ્વારા જીલ્લા કલેકટરના નવા આદેશની રાહ જોયા વગર એચ.આર.સીટી રીપોર્ટમાં ૫૦૦ રૂપીયાના વધારો કરવામાં આવ્યો છે. ત્યારે જીલ્લા કલેકટરના આદેશની અવગણના કરવાના મુદ્દે એક્સ રે હાઉસ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સામાજીક કાર્યકર દ્વારા કરવામાં આવી છે.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન વ્યવસ્થા અગાઉથી કરવામાં આવી છે પરંતુ તબીબના અભાવે સીટી સ્કેન મશીન બંધ હાલતમાં પડેલ છે. શહેરમાં એક્સ રે હાઉસમાં સીટી સ્કેન મશીન ધરાવે છે. કોરોનાકાળના સમયે ફેફસાના સંક્રમણને લઈને દર્દીઓને એચ.આર.સીટી રીપોર્ટની જરૂરીયાત ઉભી થઈ હતી. કોરોના સંક્રમિત દર્દીઓ શહેરમાં આવેલ એક માત્ર એક્સ રે હાઉસમાં એચ.આર. સીટી રીપોર્ટની ઉંચી ફીને લઈ એક્સ રે હાઉસને એચ.આર. સીટી રીપોર્ટ માટે ૨૫૦૦ રૂપીયા ફી નિયત કરેલ હતો અને કોરોનાની બીજી લહેરના બે મહિના સુધી એક્સ રે હાઉસ દ્વારા એચ.આર. સીટી રીપોર્ટના ૨૫૦૦ રૂપીયા ફી વસુલવામાં આવી હતી. હાલ કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો થયો છે. તેની સાથે એક્સ-રે હાઉસ દ્વારા એચ.આર. સીટી રીપોર્ટના જીલ્લા કલેકટર દ્વારા નિયત કરેલ ૨૫૦૦ રૂપીયાના સ્થાને ૩૦૦૦ રૂપીયા ફી દર્દીઓ પાસેથી વસુલવાનું શરૂ કરેલ છે. જીલ્લા કલેકટર દ્વારા કોરોનાકાળમાં એકસે રે હાઉસ ને ૨૫૦૦ રૂપીયા ફી નિયત કરી હતી. તેમાં નવા આદેશ કરવામાં આવ્યો નથી. તેમ છતાં જીલ્લા કલેકટરના આદેશની અવગણના કરીને એક્સ રે હાઉસ દ્વારા એચ.આર. સીટી રીપોર્ટમાં ૫૦૦ રૂપીયાનો વધારો કરીને દર્દીઓની લુંટ કરવામાં આવતી હોય તેના વિરોધમાં સામાજીક કાર્યકર સંજય ટહેલ્યાણી દ્વારા એકસ રે હાઉસ દ્વારા એચ.આર.સીટી રીપોર્ટના ભાવ વધારેલ છે. તેની સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ઘોઘંબામાં ફાયરીંગ કેસ : યુવકે જાતે ફાયરીંગ કરી પોલીસ અને પરિવારજનોને ગેરમાર્ગે દોર્યા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## પોલીસે ગણતરીના કલાકોમાં કેસનો નિકાલ કરી તમંચો ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાલસર ગામે ગતરોજ યુવક ઉપર ખાનગી ફાયરીંગ થતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. યુવક ઉપર ખાનગી ફાયરીંગ કેટલાક અજાણ્યા ઈસમો દ્વારા કરાયું હોવાની રાજગઢ પોલીસને માહિતી મળી હતી. કાલસર ગામે ખાનગી ફાયરીંગની ઘટનાને લઈ પોલીસ અધિકારી ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પુછપરછ અને તપાસમાં યુવક દ્વારા કોઈ કારણોસર પોતાની જાતે તમંચા માંથી ગોળી મારી આપઘાતના પ્રયાસ કર્યા હોવાની હકીકત સામે આવી છે. ફાયરીંગની ઘટનામાં પોલીસે સાચી હકીકત ગણતરીના કલાકોમાં શોધી કાઢવામાં સફળ રહી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના કાલસર ગામે રહેતા અનિલ રાઠવા ટ્રેકટર લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન અજાણ્યા કાર ચાલો દ્વારા ફાયરીંગ કરતા ઈસમો થવા પામી હોવાની કેફીયત રજુ કરાઈ હતી. ફાયરીંગમાં છાતીના ભાગે ગોળી વાગત અનિલ રાઠવાને સારવાર માટે હાલોલ અને વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યો હતો. ઘોઘંબાની કાલસર ગામે ખાનગી ફાયરીંગની ઘટનામાં યુવકને ઈજાઓ થવાની ઘટનાની જાણ થતાં પોલીસના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસની તપાસમાં પુછપરછ કરતાં તેમજ તપાસ કરતાં ફાયરીંગની ઘટનામાં કંઈક અલગ જ સામે આવી હતી. જેને લઈ પોલીસ પણ અચરજમાં મુકાઈ હતી. પોલીસ તપાસમાં અનિલ રાઠવા એ કોઈ અગમ્યકારણોસર તમંચા માંથી પોતાની જાતે ફાયરીંગ કરીને આત્મહત્યાનો પ્રયાસ ક્ર્યો હતો અને પછી એક વાર્તા બનાવીને પોલીસ તથા પરિવારજનોને ગુમરાહ કરવાની કોશીષ કરી હતી. જોકે, પંચમહાલ એલ.સી.બી. પોલીસ અને એસ.ઓ.જી. પોલીસ તથા રાજગઢ પોલીસે અલગ રીતે પ્રયાસ શરૂ કરતાં ગણતરીના કલાકોમાં હકીક્ત શોધી કાઢી હતી. પોલીસે યુવકે ફાયરીંગમાં ઉપયોગમાં લીધેલ તમંચો સહિતનો મુદ્દામાલ કબ્જે લીધેલ હવે પોલીસે યુવકે કેમ ફાયરીંગ ક્યું હથિયાર ક્યાંથી મેળવ્યું તેની તપાસ હજી બાકી છે. આમ નકલી ફાયરીંગની ઘટનાનો સનસનાટી ડ્રામાનો અંત આવ્યો.

# ગોધરા તાલુકાના ટીમ્બા તેમજ કાલોલ તાલુકાના અલવા ખાતે સેગ્રેગેશન શેડનું લોકાર્પણ કરાયું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કાલોલ તાલુકાના અલવા અને ગોધરા તાલુકાના ટીમ્બા ગામ ખાતે આજે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ અંતર્ગત ધન કચરા વ્યવસ્થાપન માટે સેગ્રેગેશન શેડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. પ્રાથમિક તબક્કે જિલ્લાનાં કુલ ૧૨૬ ગામોમાં ધન અને પ્રવાહી કચરા વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવાનું આયોજન છે, જેમાં શરૂઆતમાં દર મહિને જિલ્લાના ૮-૧૦ ગામોમાં આ પ્રકારના શેડ કાર્યરત કરવામાં આવશે. ટીમ્બા ખાતે તાલુકા વિકાસ અધિકારી વલય વૈદ્ય અને જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ગોપાલભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે તેમજ કાલોલના અલવા ખાતે તાલુકા પંચાયત પ્રમુખ તેમજ ડીઆરડીએના જિલ્લા કો-ઓર્ડિનેટર કમલ આચાર્ય સહિતના મહાનુભાવો દ્વારા આ શેડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી વલય વૈદ્યે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોને દિન પ્રતિદિન વધતા જતા કચરાની સમસ્યાથી છૂટકારો અપાવતી તેમજ કચરામાંથી કમાણીની તકનું સર્જન કરતી આ પહેલ સ્વચ્છતા ક્ષેત્રે ગેમ ચેન્જર સાબિત થઈ રહેશે. કચરાના એકત્રીકરણથી છૂટા પાડવા સુધીના તબક્કા વિશે રસપૂર્વક માહિતી લેતા આ કામગીરીમાં જોડાનારા સફાઈ કર્મચારીઓ સહિતના કર્મચારીઓને પોતાની સલામતી જળવાઈ રહે તે રીતે અસરકારક કામગીરી કઈ રીતે કરવી તે વિષયક તાલીમ આપવા તેમણે સૂચના આપી હતી. ગામ લોકો પણ આ અભિયાનમાં એટલા જ સક્રિય રીતે સામેલ થાય તે માટે પ્રયાસો કરવા પણ તેમણે જણાવ્યું હતું. ટીમ્બા ગામે આ શેડ અંતર્ગત ૩ લાખથી વધુના ખર્ચે ૯ જેટલા પાકા અને માટીના પિટ (ખાડા)નું તેમજ પ્લાસ્ટિક સંગ્રહ માટે એક ઓરડીનું નિર્માણ કરવામાં આવ્યું છે. ડોર ટુ ડોર કલેકશન માટે એક પુશકાર્ટ, બે બાયસિકલ કાર્ટ તેમજ સૂકો-ભીનો કચરો અલગ-અલગ લેવા માટે ડસ્ટબિન્સ સહિતના સાધનો પણ ગ્રામ પંચાયતને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ફાળવવવામાં આવ્યા છે. સ્થાનિક આગેવાનો તેમજ ગ્રામજનોએ આ યોજનાની શરૂઆત થતા આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ટીમ્બા ગામે તાલુકા પંચાયત સભ્ય ગૌરવ ભાઈ પટેલ, સરપંચ સહિતના સ્થાનિક આગેવાનો તેમજ તલાટી, સ્વચ્છ ભારત મિશનના બ્લોક કો-ઓર્ડિનેટર માલવિકાબેન સિસોદીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરાના નાની કાંટડી ગામેથી જુગાર રમતા ૪ ઈસમો તાલુકા પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના નાની કાંટડી ગામે ખાડીયા ફળીયામાં જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ચાર ઈસમો ૧૦,૫૦૦/-રૂપીયા મુદ્દામાલ સાથે ઝડપાઈ જવા પામ્યા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના નાની કાંટડી ગામે ખાડીયા ફળીયામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હતા. તે સ્થળે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન સુરેશ છગનભાઈ પટેલ, પ્રકાશ સોમાભાઈ રાવળ, જીગ્નેશ વિક્રમભાઈ ચૌહાણ, પરેશ વિઠ્ઠલભાઈ રાઠોડને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ જુગારીયાઓની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૦,૫૦૦/-રૂપીયા રોકડ સાથે ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે વડોદરા રોડ પરથી ૧૮ જેટલા કતલખાને લઈ જવાતાં પશુઓ ઝડપ્યા



ગોધરા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એચ એન પટેલને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ગોધરા શહેરમાંથી એક ટ્રક મારફતે કેટલાક ગૌવંશ વડોદરા તરફ મોકલવામાં આવી રહ્યા છે. જેના આધારે શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા કોઠી સ્ટીલ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. જે દરમ્યાન ગત ૫ તારીખે સવારના અરસામાં બાતમી મુજબની ટ્રક આવી હતી. જેને લઈને પોલીસે ટ્રકચાલકને ટ્રેક ઊભી રાખવા માટે ઈશારો કર્યો હતો, પરંતુ ટ્રકચાલકે ટ્રક ન ઊભી રાખતા પોલીસે ટ્રકનો પીછો કર્યો અને આડશો મૂકીને ટ્રકને રોકી હતી. ટ્રક ઊભી રહેતા ચાલક અને અન્ય એક વ્યકિત ઉતરીને ભાગવા માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ પોલીસે બંને ઈસમોને દબોચી લીધા હતા. બીજી તરફ ટ્રકમાં બેટરી વડે તપાસ કરતા ખીચોખીચ હાલતમાં ભરેલ ભેંસ મળી આવી હતી.પોલીસ દ્વારા પકડાયેલા બંને ઈસમો સામે ભેંસ બાબતે આધાર પુરાવો અને પાસ પરમીટ માંગવામાં આવી હતી, પરંતુ તે મળી આવ્યું ન હતું અને સંતોષકારક જવાબ આપ્યો ન હતો. જેને લઈને પોલીસે નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ ઈમરાન યુસુફ ભોચું જણાવ્યું હતું અને ટ્રક પોતાની માલિકીની હોવાનું જણાવ્યું હતું. જ્યારે ટ્રકમાં રહેલા અન્ય ઈસમે પોતાનું નામ અજયભાઈ લલ્લુભાઈ નાયક જણાવ્યું હતું, પોલીસ દ્વારા બંને ઈસમોની ભેંસો અંગે ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરવામાં આવતા ટ્રકચાલક ઈમરાન ભોચૂએ જણાવ્યું હતું કે આ ભેંસો ગોધરા શહેરમાં આવેલા મરિયમ મસ્જિદ પાછળ આવેલા કાલું પ્લોટ ખાતે આવેલા મારા કાકા ઈકબાલ મોહમ્મદ ભોચુના તબેલામાથી મારા કાકા અને શહેરાના ઈસ્લામે ભરાવી હતી અને આ ભેંસો સુરત ખાતે આવેલ ઈસ્માઈલનગર કમેલાની બાજુમાં આવેલા રેલવે ગરનાળાની બાજુમાં આવેલા બકરામંડીએ કતલ માટે આપવા જતા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રકમાં રહેલ ભેંસોની ગણતરી કરતા ૨.૨૫ લાખની કિંમતની ૯ ભેંસ, ૫૦ હજારની કિંમતના ૫ પાડા અને ૪૦ હજારની કિંમતની ચાર નાની પાડીઓ મળીને કુલ રૂ ૩.૧૫ લાખની કિંમતની ૧૮ ભેંસો મળી આવી હતી, પોલીસે રૂ ૭૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન, અને ૮ લાખની કિંમતની ટ્રક સહિત કુલ રૂ ૧૧.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો,અને ભેંસોને પરવડી પાંજરાપોળ મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.પોલીસે ટ્રકમાલિક ઈમરાન યુસુફ ભોચુ, અજય લલ્લુભાઈ નાયક અને ભેંસો ભરાવનાર ઈકબાલ મોહમ્મદ ભોચૂ અને ઈસ્લામ નામના ચાર ઈસમો સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.


લાયન્સ કલબ ઓફ બરોડા સનશાઈને ૪ જુલાઈ ૨૦૨૧ના રોજ સિરેન કોટેજ આણંદ ખાતે વૃક્ષારોપણની પ્રવૃત્તિ પૂર્ણ કરી હતી. જેમાં ટીમે ૫૦ વૃક્ષો વાવ્યા છે. પ્રેસિડેન્ટ લાયન દક્ષા ગિરીશના નેતૃત્વમાં સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. સચિવ લાયન નિરાલી પટેલ અને ખજાનચી લાયન ઘનશ્યામ વ્યાસ પણ અન્ય સભ્યો અને તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. લાયન નીરવ પટેલે રિસોર્ટ ખાતે ટીમ માટે મનોરંજક રમતો અને સાહસિક રમતોનું પણ આયોજન કર્યું હતું.

## શૈક્ષણિક સત્ર શરૂ થયાને મહિનો છતાં પુરતા પુસ્તકોના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર

ગોધરા,

શૈક્ષણિક સત્ર શરૂ થયે એક માસ ઉપરાંત નો સમય પસાર થઈ ગયો છતાં પણ ધોરણ ૯ ના બે પાઠ્યપુસ્તકો ધોરણ ૧૦ ના ત્રણ પાઠ્યપુસ્તકો અને ધોરણ ૧૧,૧૨ના ચાર, ચાર પાઠ્યપુસ્તકો હજી સુધી વિદ્યાર્થીઓ મળ્યાજ નથી તો બાળકો અભ્યાસ કેવી રીતે કરશે ?એ એક પ્રશ્ન છે. અધૂરામાં પૂરૂં નિદાન કસોટીનો કાર્યક્રમ પણ જાહેર થઈ ગયેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસે મોબાઈલ નથી, મોટાભાગે મોબાઈલ વાલીઓ પાસે રહે છે. વાલીઓ ધન્ધાર્થે ઘરની બહાર જતા હોય છે. જેથી વિદ્યાર્થીઓને સમયસર સંદેશો કે અભ્યાસ લક્ષી માહિતી મળી શકતી નથી અને ઓનલાઈન ક્લાસ માં ઓછામાં ઓછું ત્રણ, ચાર જી. બી. નેટ ની જરૂર પડે છે. તો તે ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓને પોસાયતેમ નથી, તો આવી કપરી પરિસ્થિતિનો સામનો કઈ રીતે કરવો એ મોટો પ્રશ્ન છે. શિક્ષકો દ્વારા ઘરે ઘરે જઈને માહિતી અને માર્ગદર્શન આપવામાં આવે છે, તેમાં પણ ઘણી મુશ્કેલીઓ પડે છે જેવી કેમ દૂર દૂર ઘરો રસ્તાઓનો અભાવ, વિદ્યાર્થીઓ ખેતી કામમાં લાગેલા હોય કેટલાક વિદ્યાર્થી ઓ રોજગારી અર્થે બહારગામ ગયેલ હોય જેથી મળતા જ નથી અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દસ બાર કિલોમીટર દૂરથી આવતા હોય છે. જેવા અનેક પડકારોનો સામનો કરવો પડે છે છતાં પણ ઘણીવાર શિક્ષકો પર દોષ ના મોટા મોટા ટોપલા નાખવામાં આવે છે. શિક્ષકો કઈ કામ કરતા નથી એવા સવાલો ઉભા થાય છે આ બાબતે અધિકારીઓ પોતે આવી વિદ્યાર્થીઓની મુલાકાત લેવી જોઈએ જેથી અધિકારીઓને જે તે પરિસ્થિતિ નો ખ્યાલ આવશે કે ખરેખર શિક્ષકોની હાલત કેવી છે. દર વર્ષે નવા નવા ફતવા આવે છે. જેવાકે પહેલા ગુગલ મીટ, માયસ્કટોસોફ્ટ ટીમ આ વર્ષે નવું આવ્યું. જી. શાળા એ પણ એક પડકાર છે, ખુલતી નથી વારંવાર એકના એક વિદ્યાર્થી ઓના ઘરે જવાથી પણ ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જે જાહેરમાં ના કહેવાય પુસ્તકો પૂરતા ના હોવાના કારણે વિદ્યાર્થીઓ કઈ રીતે અભ્યાસ કરી શકે એકલા શિક્ષક પાસે પુસ્તક હોય તો વિદ્યાર્થી ઓને સમજવા માં ઘણી તકલીફ પડે છે. તો આ બાબતે શિક્ષક સંઘે ઘણીવાર રજુઆત કરી છે અને માનનીય જિલ્લા શિક્ષણાધિકારીએ પણ પાઠ્યપુસ્તક મંડળમાં રજુઆત કરી છે, છતાં પુસ્તકો આવેલ નથી. સરકાર મોટી મોટી વાતો કરે છે પણ જે કેવાનું એ કરતી નથી. જેના કારણે શિક્ષકો અને વિદ્યાર્થી ઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જિલ્લા શિક્ષણા ધિકારી બી. એસ. પંચાલ જિલ્લાને નંબર વન બનાવવાના પયત્નો અને મહેનત કરે છે. તો આપણે પણ સાથ આપવો જોઈએ તેમ શિક્ષક સંઘના પ્રમુખ પી. એસ. પરમાર જણાવે છે.

## ગૌરક્ષક દળના યુવાનોએ મોટરસાયકલ પર શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો લઈ જતા ઈસમને ઝડપી પોલીસને હવાલે કર્યો

કાલોલ,

કાલોલ શહેરમાં અખિલ ભારત હિન્દુ મહાસભા અને વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને ગૌરક્ષા સમિતિ કાલોલના યુવાનોને એક મોટરસાયક્લ પર કાપડની થેલીમાં ગૌ માંસનો જથ્થો લઈને એક ઈસમ બોરૂ ગામથી કાલોલ તરફ આવી રહ્યો હોવાની બાતમીને આધારે આ યુવાનોએ બોરૂ ટર્નિંગ પાસે વોચ ગોઠવી હતી. જે દરમિયાન કાલોલ ઈનોક્ષ કંપની પાસેથી મોટરસાયકલ પર કાપડની થેલીમાં ગૌમાંસનો જથ્થો લઈ જતા ઈસમને ગૌરક્ષકોએ પકડીને કાલોલ પોલીસને જાણ કરતા કાલોલ પોલીસે ઘટના સ્થળે સ્થળે પહોંચી તપાસ કરતા પકડાયેલા ઈસમનું નામ મહંમદ હનીફ ઈબ્રાહીમ પટેલ (રહે.શિવમ પાર્ક સોસાયટી, મહમદી મસ્જીદ, કાલોલ) હોવાનું અને આ ગૌમાંસનો જથ્થો બોરૂ ગામના વસીમ પાસેથી લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. જે અંગે કાલોલ પોલીસે શંકાસ્પદ ગૌમાંસનો અંદાજિત એક કિલોનો જથ્થો ઝડપી પાડી મોટરસાયકલ રૂ ૧૫,૦૦૦ અને ગૌ માંસ રૂ ૨૩૦ મળી કુલ ૧૫,૨૩૦નો મુદ્દામાલ કબજે કરી વેટનરી ડોક્ટર બોલાવી શંકાસ્પદ ગૌમાંસનો સેમ્પલ એફ.એસ.એલ સુરત ખાતે મોકલવાની પ્રક્રિયા હાથ ધરી પ્રાથમિક ગુનો નોંધ્યો હતો. જે સમગ્ર ઘટના અંગે ઉપસ્થિત હિન્દુ યુવાનોએ હિન્દુ ધાર્મિક લાગણીઓની ઐસી કી તૈસી કરી નજીકના બોરૂ ગામમાં કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે ગાયોની કતલ કરી ગૌમાંસ વેચતા હોવાની માહિતી કાલોલ પોલીસને જાણ કરી હતી. જે દિશામાં કાલોલ પોલીસ સઘન તપાસ કરી આવી ગેરકાનુની પ્રવુતિઓ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ઘરે તેવી હિંદુ સમાજની માંગ છે.

# ગોધરા સીટી ટ્રાફિક પોલીસ દ્વારા કોરોના વેક્સીનેશન અંગે શહેરીજનોમાં જાગૃતિ લાવવાના અનોખી પહેલ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા કોરોના વેક્સીનેશનની પ્રક્રિયા રાજ્યના દરેક જિલ્લા અને શહેરોમાં અમલમાં મુકવામાં આવી છે અને તે માટે ૧૮ થી ૬૦ વયજુથના લોકોને કોરોના વેક્સીનેશન કરાવવા માટે અપીલ પણ કરવામાં આવી રહી છે. જેના ફળ સ્વરૂપ નાગરિકો વેક્સીનેશન કરાવી પણ રહ્યા છે. ત્યારે હજી પણ બાકી રહેલા નાગરિકો કોરોના વેકસીનેશનમાં સહભાગી થાય તેવા પ્રયાસો સરકાર કરી રહી છે. ત્યારે સરકારના આ પ્રયાસને સફળ બનાવવા માટે ગોધરા સીટી ટ્રાફિક પોલીસના મહિલા અધિકારી જે.એન.જાડેજા તેમજ ટ્રાફિક પોલીસ કર્મીઓ ગીરીશભાઈ બારીઆ, વિરસિંહ ભુરિયા, પ્રવીણભાઈ વાઘેલા તેમજ ટી.આર.બી જવાનો દ્વારા આજ રોજ શહેરીજનોમાં કોરોના વેકસીનેશન અંગે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય થી ત્રીસ ઉપરાંત રિક્ષાઓ પર કોરોના વેક્સીનેશનના સૂત્રો અંકિત કરી ગોધરા નગરમાં આ રીક્ષાઓ તમામ વિસ્તારોમાં ફરી નાગરિકોને જાગૃત કરી રહ્યા છે. ત્યારે ગોધરા સીટી ટ્રાફિક પોલીસનો આ પ્રયાસ ખરેખર સરાહનીય કહી શકાય. ગોધરા સીટી ટ્રાફિક પોલીસ દ્વારા ટુક સમય પહેલાં શહેરના લારી, પથારાવાળા, શાકભાજી અને ફ્રુટવાળાઓને શહેરના પટેલવાડા વિસ્તારમાં આવેલા કોરોના વેક્સીનેશન સેન્ટર ખાતે લઈ જઈ વેકસીનેશન કરાવ્યું હતું.આ ઉપરાંત શહેરના મોબાઈલ એસોસિએશનના સભ્યોને ગોધરા સીટી ટ્રાફિક પોલીસના અધિકારી અને કર્મીઓએ મિટિંગ કરી કોરોના વેક્સીનેશન અંગેની સમજ આપી હતી.